Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED NO. B. 156

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

शार्दुलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે. લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ઠ મુક્ત ગુણુથી, શોધ્યે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. ફાગણ. સંવત ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૧૨ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ ગૃહસ્થના સામાન્ય ધર્મ. (પદ્ય) ... ... ... ... ૩૫૫
૨ સુક્તમુક્તાવળી, સજ્જનોની બલિહારી.... ... ... ... ૩૫૭
" ગુણરાગી ને ગુણગ્રાહી થવાની જરૂર. ... ૩૫૯
" ન્યાયાચરણ આદરવાની આવશ્યકતા. ... ૩૬૧
૩ સોપક્રમી કર્મ વિચ્છેદના હેતુ. ... ... ... ... ૩૬૩
૪ છઠ્ઠા વ્રત ઉપર સિંહ શ્રેષ્ઠીની કથા. ... ... ... ... ૩૭૧
૫ જૈનધર્મની વિદ્યમાન તપશ્ચર્યા. ... ... ... ... ૩૭૫
૬ બારડોલીમાં દીક્ષામહોત્સવ. ... ... ... ... ૩૮૪
૭ વિધવાઓના હિત માટે એક સ્ત્રીલેખ. ... ... ... ... ૩૮૫

ધી " આનંદ " પ્રીન્ટીંગ પ્રેસ.—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉદાર દિલના જે જે ગૃહસ્થો તરફથી [illegible]
## પ્રસિદ્ધ કરવાનાં કામ ચાલે છે તેનું લીસ્ટ.

૧ શા. ત્રીભોવનદાસ ભાણજી ભાવનગરવાળાની સહાયથી અધ્યાત્મસાર મૂળ ( પં. ગંભીર- વિજયજી કૃત ટીકા સહિત ) છપાય છે.

૨ શા. કરમચંદ ફુલચંદ અમદાવાદ નિવાસી તરફથી શ્રી પાર્શ્વનાથ ચરિત્ર સંસ્કૃત ગદ્યબંધ ( છપાય છે. )

૩ શ્રાવિકાબાઈ આધારબાઈ અમદાવાદવાળા તરફથી શ્રી ઉપદેશ પ્રાસાદ મૂળ સ્તંભ ૧ થી ૬ ( છપાય છે.)

૪ ઝવેરી માણેકચંદ ખેતશી શ્રી વીરમગામવાળા તરફથી. શ્રી ઉપદેશમાળા મૂળ તથા યોગ- શાસ્ત્ર મૂળ ( છપાવાનું શરૂ થશે.)

૫ મુનિરાજ શ્રી મોહનવિજયજીના અસરકારક ઉપદેશથી ગામ કડોદવાળા શા. મુળચંદ ભલાજી વિગેરે ગૃહસ્થોએ બતાવેલી ઉદારતાથી, સુક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધશતક ટીકા સહીત (છપાવાનું શરૂ થયું છે.)

૬ મુનિરાજ શ્રી મોહનવિજયજીના ઉપદેશથી શ્રી બુહારીવાળા શા. ભીખાભાઇ સોભાગચંદે બતાવેલી ઉદારતાથી શ્રી કર્મપ્રકૃતિ–શ્રી યશોવિજયજી ઉપાધ્યાયકૃત ટીકા સહિત (પ્રેસકાપી તૈયાર થાય છે.)

૭ પન્યાસજી આણંદસાગરજીના ઉપદેશથી એક ગૃહસ્થ તરફથી શ્રી ઉપદેશ પ્રાસાદ મૂળ સ્તંભ ૭ થી ૨૪ (પ્રેસકાપી તૈયાર થાય છે.)

૮ શાહ ભીમશી માણેક મુંબઇવાળા તરફથી હા. ચાંપશીભાઇ શ્રી આરંભસિદ્ધિ, લગ્નશુદ્ધિ, દિનશુદ્ધિ (જૈન જ્યોતિષના ગ્રંથો) તૈયાર થાય છે.

૯ શેઠ મનસુખભાઇ ભગુભાઇ અમદાવાદ નિવાસી તરફથી જ્ઞાનપંચમી (બીજી આવૃત્તિ) (છપાય છે.)

૧૦ ભાવનગરના શ્રાવિકા સમુદાય તરફથી સાધ્વીજી લાભશ્રીજીના ઉપદેશથી પ્રકરણોના સ્તવ- નાદિનો સંગ્રહ (બીજી આવૃત્તિ) છપાય છે. કર્મગ્રંથ સંબંધી નોંધ તથા યંત્રો. સમજુતી સાથે (તૈયાર છે. છપાશે.)

૧૧ મુનિરાજ શ્રી ભક્તિવિજયજીની પ્રેરણાથી બે ગૃહસ્થોની સહાયથી દેવદ્રવ્યનો નિબંધ. (નકલ ૫૦૦૦) બંધાય છે.

## ચૈત્ર માસની વધઘટ ને પર્વ.

શુદ ૪ બે–સોમ, મંગળ.
શુદ ૧૦ નો ક્ષય.
વદ ૭ નો ક્ષય.
વદ ૧૦ બે–રવિ, સોમ.

શુદ ૫ બુધ–રોહિણી.
શુદ ૬ ગુરૂ–ઓળી બેસશે.
શુદ ૧૫ શુક્ર–ચૈત્રી પુનમ.
( સિદ્ધાચળ યાત્રા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लक्षयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवत्येवंप्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपंचा कथा ।

પુસ્તક ૨૯ મું. ફાગણ. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૧૨ મો.

## ગ્રહસ્થના સામાન્ય ધર્મ.

( શાર્દુલ વિક્રીડિત છંદ. )

ન્યાયોપાર્જિત દ્રવ્ય ખાસ રળવા રાખે સદા ધ્યાનમાં,
ગોત્રી અન્ય સમાન શીલ કુળમાં જોવે સુઉદ્વાહમાં;
સદ્આચારતણી સ્તુતિ શુભ મને કર્તા ન ભૂલે કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૧
ષટ્ક્રોધાદિ કષાય અંતરતણા વૈરી સદા વારતા,
પાંચે ઇંદ્રિય સંવરી જય કરે સંતોષને ધારતા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાંડે સ્થાન ઉપદ્રવો નિરખતાં ધારે ન રે'વા કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૨
ત્યાગી શુભ ગાતી પ્રસિદ્ધ થળને બાંધે સુપાડોશથી,
રાખે દ્વાર અનેક તો ઘરવિષે કર્તા રહે દોષથી;
દેશાચાર વિરૂદ્ધ વર્તન કરી ચાલે નહીં જે કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૩
નિંદા સર્વતણી તજે નૃપતિની સર્વ પ્રકારે તજે,
કર્તા ખર્ચ તમામ આવક ગણી ખોટી ન શોભા સજે;
ધર્તા વૈભવના પ્રમાણ ઘટતા જે વેશ અંગે સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૪
સેવા માત પિતાતણી શુભ સને ઉલ્લાસ ધર્તા કરે,
આચારે શુભ વર્તને વરતતા તે સંગમાંહે ધરે;
કર્તા કાર્યતણી સદા કદર જે ભૂલી ન જાયે કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૫
ત્યાગે થાય અજીર્ણ તો નહિ જમે ખોરાક સારો મળે,
લેતા લોલુપતા તજી નિયમથી જે પથ્ય દોષે ટળે;
ધર્તા જ્ઞાન વ્રતાદિ વૃદ્ધ જનની સેવા ન ભૂલે કદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૬
નિંદા યુક્ત તમામ કામ અળગા જે અંગથી રાખતા,
માતા પૂજ્ય પિતા કુટુંબ સહુના નિર્વાહને ધારતા;
દીર્ઘ દ્રષ્ટિનિયોગ પૂર્વક કરે કાર્યો વિચારી સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૭
ધારે ધર્મ સિદ્ધાંતના શ્રવણને પાળે દયા પ્રેમથી,
કર્તા બુદ્ધિ તણા સુ આઠ ગુણનો જે યોગ સદ્નેમથી;
ધર્તા સર્વ ગુણો શરીર ગુણનો જે પક્ષ રાખે સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૮
છાંડે ક્લેશ તમામ આગ્રહ તજે કંકાસના કામમાં,
ધર્તા જ્ઞાન વિશેષ કાયમ રહે એ ધારણા ધ્યાનમાં;
સાધુ સંત ગરીબ યોગ્ય સહુનો સત્કાર કર્તા સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૯
ટાળી સર્વ પરસ્પરે અટક્યો ત્રિવર્ગને સાધતા,
દેશાકાળ પ્રમાણ આચરણમાં નૈષેધ નિબાધતા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તા જેહ બળાબળે સ્વપરનો જે ખ્યાલ ધારી સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૧૦
વર્તે લોકરિવાજને અનુસરી દુઃખો પરાયાં હરે,
લજ્જાવંત ન ધૃષ્ટતા કદિ ધરે જે સૌમ્યતા આચરે;
એ સર્વજ્ઞ કથેલ 'દુર્લભ' ગુણો પાંત્રીશ પાળે સદા,
એવા ઉત્તમ ધર્મ લાયક નરો રે'તા સુખી સર્વદા. ૧૧*

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા.—વળા.

---

# સૂક્તમુક્તાવલી.

## સજ્જનોની બલિહારી.

### ( સજ્જનોનાં લક્ષણ અને તેથી સધાતો સ્વપર ઉપકાર )

સદય મન સદાઇ, દુઃખિયાં જે સહાઇ,
પરહિત અતિ દાઇ, જાસ વાણી સિદાઇ;
ગુણકરી ગહરાઇ, મેરૂ જ્યું ધીરતાઇ,
સુજન જન સદાઇ, તેહુ આનંદ દાઇ. ૧૩
જઇ દુરજન લોકે, દુહવ્યા દોષ દેઇ,
મન મલિન ન થાયે, સજ્જના તેહુ તેઇ;
દ્રુપદ જનક પુત્રી, અંજના કષ્ટ યોગે,
કનક જિમ કસોટી, તે તિરી શીળ અંગે. ૧૪

"જેઓ સદા મન, વચન અને કાયામાં પુણ્યઅમૃતથી ભરેલા હોય છે, ઉપકારની અનેક કોટિયોવડે જેઓ ત્રિભુવનને સદા સંતોષ ઉપજાવે છે અને પરના પરમાણુ જેટલા (અલ્પ) ગુણને પણ પર્વત જેવા મહાન લેખી પોતાના મનમાં પ્રમોદ ધારે છે તેવા વિરલ સજ્જનો જગતને પાવન કરી રહ્યા છે."

"જેમનું સદ્વર્તન જગતને હિતરૂપ હોવાથી અનુકરણ કરવા યોગ્ય હોય છે, જે સદાય ગુણગ્રાહી હોય છે, પરના ગુણ માત્રને ગ્રહણ કરનારા હોય છે; વળી જે પરના દોષ તરફ દૃષ્ટિ દેતા નથી; પોતાનામાં ગમે તેવા સદ્ગુણો હોય છતાં તેનો લગારે ગર્વ કરતા નથી પણ સદાય લઘુતા ધારણ કરતા રહે છે, એવા સજ્જનો

---

* કરતા, ડરતા, ધરતા અને રહેતા એમ કર્તા, ડર્તા, ધર્તા રેતાને બદલે બધે વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરેખર જગત્ માત્રને આશિર્વાદરૂપજ ગણાય છે."

સજ્જનોનું દીલ સદાય દયાર્દ્ર-પારકાં દુઃખ દેખી પીગળી જાય એવું હોય છે; દુઃખી જનોનાં દુઃખ નિવારવા સજ્જનો સદાય બનતી સહાય આપવા તત્પર રહે છે. જેમ તેમનાં દુઃખનો અંત આવે તેમ જોવા અને તે માટે બનતું કરવા તેઓ ઉત્કંઠિત હોય છે. તેમની વાણીમાં એવી તો મિઠાશ અને હિતબુદ્ધિ હોય છે કે એથી અન્ય જીવોનું અચૂક હિત થાય છે તેમજ તેઓ ફિદા ફિદા થઈ જાય છે. તેઓ સમુદ્રની જેવા ગંભીર આશયવાળા હોય છે. જેથી તેઓ અનેક ગુણરત્નોને અંતરમાં ધારણ કરતાં છતાં છલકાઈ જતા નથી. તેઓ એવી ઉત્તમ મર્યાદા જાળવે છે કે જેથી બીજા ચકિત થઈ જાય છે, અને તેમના જેવી ઉત્તમ મર્યાદા (આચાર-વિચાર) પાળવા સહેજે લલચાય છે. વળી સજ્જન પુરૂષો સદાય મેરૂપર્વત જેવું નિશ્ચળ ધૈર્ય ધારણ કરી રહે છે એટલે તેઓ ગમે તેવા અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમભાવ ધારી શકે છે (સમ-વિષમ સમયે હર્ષ-ખેદ નહિં કરતાં તેમાં સમચિત્તે રહે છે.) વિપત્તિ સમયે તેઓ દીનતા દાખવતા નથી, તેમજ સુખ-સંપત્તિ સમયે ગર્વ-ઉત્કર્ષ કરતા નથી. સજ્જન પુરૂષોની વૃત્તિ સદાય સિંહની જેવી પરાક્રમવાળી હોય છે. તેઓ હરેક પ્રસંગે ડહાપણથી કામ લે છે. સજ્જનતાની વાતો ઘણાં કરે છે, તેમાં કેટલાકને તેમાં પ્રીતિ પણ હોય છે પરંતુ સજ્જન પુરૂષોના પવિત્ર માર્ગે ચાલવાનું બહુજ થોડાનાં ભાગ્યમાં હોય છે. સજ્જનતાથી વિરૂદ્ધ વર્તન તેજ દુર્જનતા છે. તેવી દુર્જનતા દાખવનારા દુર્જનો તેમના જાતિ-સ્વભાવને લઈ સજ્જન પુરૂષોને સંતાપે પણ છે. સજ્જન પુરૂષોમાં જે ઉત્તમ અનુકરણીય ગુણો હોય છે તે તેમને રૂચતા નથી; તેથી કંઇક જાતના દોષ દઈ દુર્જનો સજ્જનોને વારંવાર દુહવ્યા કરે છે. પણ એથી સજ્જનો તેમના ઉપર રોષ ધારતા નથી. સજ્જનો તો સમભાવે પોતાના વિહિત માર્ગેજ ચાલ્યા કરે છે. કહ્યું પણ છે કે-

"જેમ જેમ કાંચનને અગ્નિવડે તપાવવામાં આવે છે તેમ તેમ તેનો વાન વધતો જાય છે; શેરડીને જેમ જેમ છેદવામાં આવે છે તેમ તેમ તે સરસ રસ સમર્પે છે, અને ચંદનને જેમ જેમ ઘસવામાં (ઘસારા દેવામાં કે છેદવામાં) આવે છે તેમ તેમ તે સુગંધજ આપે છે. એ રીતે ઉત્તમ સજ્જનોને પ્રાણાન્ત કષ્ટ આવી પડે તોપણ તેઓ પોતાની રૂડી પ્રકૃતિને બગડવા દેતા નથી."

તેઓ આપત્તિ સમયે ઘણીજ ધીરજ અને અભ્યુદય વખતે ઘણીજ ક્ષમા રાખે છે. તેઓ પોતાનાં કાર્ય બહુજ પ્રમાણિકપણે કરે છે, છતાં સ્વોત્કર્ષ એટલે આપબડાઈ યા આત્મશ્લાઘા કરતા નથી. તેઓ પારકાં છતાં કે અછતાં દૂષણ (અપવાદ) બોલતાજ નથી, પણ પોતાનાથી બની શકે તેટલો પરોપકાર કંઇ પણ સ્પૃહા રાખ્યા વગર સદાય કરતા રહે છે. તેઓ પોતાના મનને નિર્વિકારી રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઓ! દ્રુપદ રાજાની પુત્રી **દ્રૌપદી** (સતી), જનક રાજાની પુત્રી **સીતા**(સતી) અને **અંજના** (સતી)! એઓએ આપત્તિ સમયે કેવી ઉત્તમ ધીરજ રાખી પોતાનું પવિત્ર શીલ સાચવ્યું છે? સજ્જનોની ખરી કસોટી-પરીક્ષા કટાકટીના વખતેજ થાય છે. ગમે તેટલું કષ્ટ આવી પડે તોપણ તેવા સજ્જનો પોતાનો સન્માર્ગ લોપતા નથી. વળી કહ્યું છે કે—

"સજ્જનોને ક્રોધ (કષાય) હોય નહિ, કદાચ બીજાના ભલામાટે તેવો દેખાવ કરવો પડે તો તે લાંબો વખત રહે નહિ અને કદિ લાંબો વખત રાખવાની જરૂર જ પડે તો તેનું માઠું ફળ બેસવા પામે નહિં."

આ વાત બહુ અજબ અને વખાણવા લાયકજ છે. સજ્જનોનાં વચન અમૃત જેવાં મીઠાં અને હિતકારી હોય છે, તેથી તે સહુને પ્રિય-આદેય થઇ પડે છે. આપણે પણ આપણા પોતાના, આપણા બાળબચ્ચાંના, કુટુંબના, જ્ઞાતિના, દેશના તેમજ સમાજના ભલાને માટે અનિષ્ટ દુર્જનતા દૂર કરી શ્રેષ્ટ સજ્જનતા આદરવા સદાય ઉદ્યમી થવું જોઇએ.

## गुणरागी अने गुणग्राही थवानी जरुर अने एथी उपजता अनिवार्य फायदा.

"આપગુણીને વળી ગુણરાગી, જગમાં તેહની કીરતિ ગાજી, લાલન,કી.

શ્રી યશોવિજયજી.

ગુણ ગ્રહી ગુણ જેમાં, તે બહુ માન પાવે,
નર સુરભિ ગુણે જ્યું, ફુલ શિરે ચઢાવે;
ગુણે કરી બહુ માને, લોક જ્યું ચંદ્રમાને,
અતિ કૃશ જિમ માને, પૂર્ણને ત્યું ન માને. ૧૫

મલયગિરિ કડે જે, જંબુ લિંબાદિ સોહે,
મલયજ તરૂ સંગે, ચંદના તેહ હોહે;
ઇમ લહિય વડાઇયું, કીજિયે સંગ રંગે,
ગજશિર ચડી બેઠી, જ્યું અજા સિંહ સંગે. ૬૬

જેઓનામાં ગુણરાગીપણાનો અને ગુણગ્રાહીપણાનો મહાન્ સદ્ગુણ વર્તે છે, તેઓની યશકીર્તિ પ્રતિષ્ઠાદિકમાં ઘણો વધારો થાય છે. એ મહાન્ સદ્ગુણ તેમનામાંજ આવી શકે છે કે જેઓ મદ-મત્સર-દ્વેષ-ઇર્ષા-અદેખાઇ નામના મહા વિકારથી વેગળા હોય છે. જેમનું અંતર દ્વેષરૂપ અગ્નિથી સદાય પ્રજ્વલિતજ રહે છે તે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનામાં ઉપરના સદ્ગુણની યોગ્યતાજ હોતી નથી. ક્રોધ અને અભિમાન એ દ્વેષનાજ અંગભૂત પરિણામ છે. તે જ્યાંસુધી ચેતનજીમાં વાસ કરે છે, ત્યાંસુધી ચેતનજીથી સામામાં ગમે એવા ઉત્તમ સદ્ગુણો હોય તોપણ તે ગ્રહણ કરીને આદરી શકાતા નથી; એટલુંજ નહિં પણ ત્યાંસુધી ચેતનજીને એ સદ્ગુણ સંબંધી વાત પણ રૂચતી નથી. એ તો જ્યારે ક્ષમા સમતાદિક પ્રધાન સત્સંગયોગે દ્વેષાગ્નિ અથવા એના અંગભૂત ક્રોધાદિક પરિણામ શમી જાય છે અને ચેતનજીમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થપાતું જાય છે ત્યારે અને ત્યારેજ સદ્ગુણોની વાત રૂચે છે. સદ્ગુણ પ્રત્યે રાગબુદ્ધિ પ્રગટે છે અને સદ્ગુણોને ગ્રહણ કરી ચેતનજી પોતે પણ સદ્ગુણી બને છે. હવે જ્યારે ચેતનજી પોતે સદ્ગુણી, સદ્ગુણરાગી અને સદ્ગુણગ્રાહી બને છે ત્યારે તો તે દેવની પેરે પૂજાય છે, મનાય છે, અને તેનાં વચન પણ બહુ માન્ય થવા લાગે છે. જુઓ ! સુગંધીપણાના ગુણને લીધે મ્હોટા ભૂપતિઓ પણ પુષ્પાને પોતાના મસ્તક ઉપર ચઢાવે છે; જ્યાં તે તાજ (મુગટ) ની પેરે બહુ માન પામે છે. કહ્યું છે કે–**ગુણાઃ પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ** ” એટલે ગુણોજ–સદ્ગુણોજ પૂજાપાત્ર છે. ગુણીજનો જે પૂજાય-મનાય છે તે તેમના સદ્ગુણોને લઇનેજ. સદ્ગુણો વગરનું કેવળ લિંગ (વેશ) કે વય કંઇ કામનાં નથી. સદ્ગુણો હોય તોજ તે બધાં લિંગ અને વય પ્રમુખ લેખે થાય છે. જ્યાં ત્યાં સદ્ગુણોનીજ બલિહારી છે. લઘુતાધારી (ઉગતા બીજના) ચંદ્રને લોકો જેમ બહુ માને છે તેમ પૂર્ણ ગારવતા ગારવ–પામેલા ( પૂર્ણિમાના) ચંદ્રને લોકો બહુ માનતા નથી. શ્રીમાન્ ચિદાનંદજી મહારાજે એક લલિત પદમાં લઘુતા (નમ્રતા )ના ભારે વખાણ કર્યાં છે. અને આઠ પ્રકારના મદની ભારે નિર્ભ્રંછના પણ કરી છે, તે વાત યથાર્થજ છે. (લઘુતા મેરે મન માની, ઇત્યાદિ પદમાં). જે કોઇ ભવ્યાત્મા ગુણી જનોનું બહુમાન (વિનય–સત્કાર–સન્માન) કરે છે તેણે સદ્ગુણોનુંજ બહુ માન કર્યું લેખાય છે, અને એવા સદ્ગુણોને લક્ષીનેજ જ્યાં જ્યાં ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે છે ત્યાં ત્યાં તેવા સદ્ગુણોની પ્રાપ્તિ અથવા યોગ્યતા સહજ થાય છે. ચેતનજી (ભવ્યાત્મા) એ **ભાવુક** દ્રવ્ય હોવાથી ઉત્તમ સંગયોગે તેનામાં ઉત્તમતા સહેજે આવે છે. જે દુર્ભવ્ય કે અભવ્ય હોય છે તેનેજ તેવો ઉત્તમ સંગ ઉપકારક થઇ શકતો નથી. વિષહર–ઝેરને ટાળનાર મણિ વિષધરના મસ્તક ઉપરજ છતાં તેને તેની કશી શુભ અસર થતી નથી, ત્યારે તેજ મણિથી બીજા કંઇક મનુષ્યાદિકનો ઉપગાર થઇ શકે છે, એ સહજ સમજાય તેવું છે. સહૃદય મનુષ્યોનું તો કહેવુંજ શું પણ જડરૂપ દેખાતાં જંબુ લિંબાદિક વૃક્ષો જે મલયગિરિની સાન્નિધ્યમાં આવી રહ્યાં છે તે પણ શુદ્ધ ચંદન વૃક્ષના જેવાંજ ચંદનરૂપ થઇ જાય છે. એમ સમજી સુજ્ઞ ભાઇ બ્હેનોએ હર્ષ સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌ગુણી એવા વડીલોનો સદાય સમાગમ સેવવો જોઈએ. વળી નીતિશાસ્ત્રકાર કહે છે કે "बालादपि हितं ग्राह्यं" એટલે લઘુવયવાળા બાળક પાસેથી પણ હિત વચન ગ્રહણ કરી લેવું જોઈએ. વયથી બાળક છતાં જો બુદ્ધિ વિશાળ હોય તો તેનું સમયોચિત વચન વયોવૃદ્ધને પણ ઉપયોગી થાય. છતાં જો તેને બાળરૂપ સમજી તેના વચનની અવગણના કરવામાં આવે છે તો તે પ્રાસંગિક લાભથી વંચિતજ રહેવાય છે. જે સાયરની જેવા ગંભીર હૃદયવાળા હોય છે તેઓ પોતે અનેક ગુણ રત્નોના નિધાન હોવા છતાં ગુણાનુરાગીપણાથી અન્ય અનેક પદાર્થોમાંથી ગુણ ગ્રહણ કરી શકે છે. એમ છતાં તેઓ પોતાની યોગ્યતાનો કે પ્રાપ્તિનો બિલકુલ ગર્વ કરતા નથી. એ બધો પ્રભાવ સત્સંગથી પ્રગટતા ગુણાનુરાગનો અને ગુણ ગ્રહણ કરવાની કળાનો સમજવો. વળી જુઓ! ડાભના અગ્રે રહેલું જળબિંદુ જે મોતીની આભાને ધારણ કરે છે અને મેરૂપર્વત ઉપર રહેલું તૃણખંડ પણ સુવર્ણની શોભાને ધારણ કરે છે. એ આદિ કુદરતી બનાવો આપણને શુભ આશયથી (ચોખ્ખા દીલથી) સત્સંગ કરવા પ્રેરે છે અને સદ્‌ગુણના રાગી થવા તેમજ સદ્‌ગુણ ગ્રહણ કરવા શિખવે છે. એક બકરી જેવું ગરીબ જાનવર સિંહના સંગે હાથી જેવા સાતબરના માથે ચડી બેસે છે. એમાં શું આશ્ચર્ય?

## मार्गानुसारीना ३५ गुणो पैकी प्रथम गुण.

### ( न्यायाचरण आदरवानी आवश्यकता. )

જગ સુજસ સુવાસે, ન્યાય લક્ષ્મી ઉપાસે,  
વ્યસન દુરિત નાસે, ન્યાયથી લોક વાસે;  
ઇમ હૃદય વિમાસી, ન્યાય અંગીકરીજે,  
અનય પરિહરીજે, વિશ્વને વશ્ય કીજે. ૧૭

પશુ પણ તસ સેવે, ન્યાયથી જે ન ચૂકે,  
અનય પથ ચલે જે, ભાઇ તે તાસ મૂકે;  
કપિ કુળ મિળિ સેવ્યા, રામને શીશ નામી,  
અનય કરી તજ્યો જ્યું, ભાઇએ લંકસ્વામી. ૧૮

હય ગય ન સહાઇ, શુદ્ધ કિર્તિ સદાઇ,  
રિપુ વિજય વિધાઇ, ન્યાય તે ધર્મદાઇ;  
ધરમ નયધરા જે, તે સુખે વૈરી જીપે,  
ધરમ નયવિહૂણા, તેહને વૈરી છીપે. ૧૯

ધરમ નય પસાયે, પાંડવા પંચ તેઇ,  
કરી યુદ્ધ જય પામ્યા, રાજ્યલીલા લહેઇ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરમ નય વિહુણા, કૌરવા ગર્વ માતા,
રણ સમય વિગૂતા, પાંડવા તેહ જીતા. ૨૦

ન્યાય–નીતિ–પ્રમાણિકતા એ સર્વે એકાર્થવાચક પર્યાય વચનો ગણાય છે. અને ન્યાય–નીતિનું અવલંબન કરીને જે વ્યવસાય કરવો તે ન્યાયાચરણ કહેવાય છે. દયાળુ દીલવાળા બુદ્ધિશાળી હોય તે **ન્યાયાચરણ** કરી શકે છે. કઠોર દીલવાળાથી બીજાને યથાર્થ ઇનસાફ આપી શકાતો નથી તેથી ઠીકજ કહ્યું છે કે ન્યાયસાથે દયાનું મિશ્રણ થવુંજ જોઇએ. સમર્થ શાસ્ત્રકારો પણ કહે છેકે— **"आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्"** અર્થાત્ જે કંઇ આચરણ આપણને પોતાને પણ વિવેક–બુદ્ધિથી વિચારતાં પ્રતિકૂળ–વિરૂદ્ધ જણાતું–સમજાતું હોય તેવું આચરણ (વર્તન) આપણે બીજા પ્રત્યે અજમાવવું નહિ. કેમકે સુખ દુઃખની, માન અપમાનની, યાવત્ જીવિત મરણની લાગણી સહુને સમાન હોય છે. જયારે આમ છે ત્યારે જે આપણને પોતાનેજ ન ગમે–પ્રતિકૂળ લાગે તે બીજાને પણ કેમજ ગમે કે અનુકૂળ પડે ? તેનો વિચાર પ્રથમ કરવો જોઇએ. એથીજ બીજા પણ દયાળુ લોકો આ વાતનું સમર્થન કરતાં કહે છે કે–'*Do* unto others as you would be done by' એની મતલબ એવી છે કે. બીજા પાસેથી જેવા અદલ ન્યાયની તમે ઇચ્છા રાખતા હો તેવોજ અદલ ન્યાય તમે અન્યને આપો. આપતા રહો. તમને કોઇ અધિકારી અન્યાય આપે તે તમને રૂચે ખરો ? નહિજ રૂચે. તો પછી તમે અન્યને ગેરઇન્સાફ આપો તે તેને પણ કેમજ રૂચે ? નજ રૂચે. બીજાના અન્યાય આચરણથી જેમ તમારી લાગણી દુભાય તેમ તમારાં અન્યાયાચરણથી સામાની લાગણી પણ દુભાયા વગર કેમજ રહે ? આ વાતનો ખ્યાલ દયાળુ જનો દીલમાં લાવી પરને પ્રતિકૂળ થઇ પડે એવાં અન્યાયાચરણ કરતાં સહેજે અટકી શકે, અને સહુને આત્મસમાન લેખી તેમના પ્રત્યે બહુજ ભલમનસાઇ રાખી **પ્રમાણિકપણે–ન્યાયાચરણથીજ** વર્તી શકે. એવાજ ઉદાર આશયથી કહેવામાં આવ્યું છે કે, "જે પરસ્ત્રીને માતાતુલ્ય લેખે છે, પરદ્રવ્યને પથ્થર તુલ્ય લેખે છે, અને સર્વ પ્રાણીવર્ગને આત્મતુલ્ય લેખે છે, એજ ખરા જ્ઞાની–પંડિત છે." આ રીતે ન્યાય––નીતિ––પ્રમાણિકતાના માર્ગે ચાલનારા ભવ્ય જનોજ **માર્ગાનુસારી** ગણાય છે. ગમે તેવાના સંબંધમાં કશા સંકોચ વગર નિર્ભયપણે ન્યાય–નીતિના વિહિત માર્ગે ચાલવું એ માર્ગાનુસારીપણાનું પ્રથમ અંગ છે. ન્યાયાચરણથી જગત્માં આપણો સુજશ વિસ્તરે છે, લક્ષ્મીલીલા વાધે છે અને સ્થિર થઇ રહે છે. પાપ–તાપ અને આપદા દૂર ટળે છે. તેમજ વળી સહેજે લોકો વશવર્તી થાય છે. એમ સમજી–હૃદયમાં વિમાસણ કરીને ન્યાય નીતિનો માર્ગ મક્કમપણે આદરી અનીતિનો માર્ગ સર્વથા તજવો ઘટે છે. જગત્ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વશ કરવાનો-આપણા તરફ આકર્ષવાનો એ અદ્ભૂત ઉપાય છે. જે ગમે તેવા સંયોગમાં પણ ન્યાયાચરણ તજતો નથી અર્થાત્ અનીતિના માર્ગને તિલાંજલિ દઇ દ્રઢપણે ન્યાયનોજ માર્ગ આદરે છે તેને સત્ય ન્યાયના પ્રભાવથી પશુઓ (નિર્દય જાનવરો) પણ આવીને પગમાં પડે છે. અને જે જાણી જોઇને અનીતિનો માર્ગ આદરે છે તેનો સગો ભાઇ પણ પક્ષ (સહાય) કરતો નથી. ન્યાયવંતમાં રામચંદ્ર અને યુધિષ્ટિરાદિક મહાપુરૂષોનાં તેમજ સીતા સુભદ્રાદિક મહાસતીઓનાં ચરિત્રો સુપ્રસિદ્ધ છે. જૂઓ ! ન્યાયમૂર્તિ એવા રામચંદ્રજીની સેવામાં કપિકુળ-ગણ અતિ નમ્રતા સહિત હાજર થઈ રહ્યા અને અન્યાયકારી રાવણને તેનો સગો સહોદર (બંધુ બિભીષણ) તજીને ચાલ્યો ગયો. અને તેણે જઇને ન્યાયવંત રામચંદ્રજીનોજ આશ્રય લીધો. આથી સ્પષ્ટ થાય છે કે સત્ય-ન્યાયમાર્ગને મક્કમપણે સેવનારનો શત્રુ પણ મિત્ર થઇ જાય છે; ત્યારે જાણી જોઇને અન્યાય આદરનારને તેના બંધુ-મિત્ર પણ છોડીને ચાલ્યા જાય છે. આ તો પ્રગટ ન્યાય-અન્યાયનું ઐહિક-આ લોક સંબંધી કિંચિત્ માત્ર ફળ કહ્યું. પરલોકમાં તો એથી અત્યંત ગણું ફળ સ્વર્ગ-નરકાદિકમાં ભોગવવું પડેછે. આટલા પ્રેરક શબ્દો પણ અન્યાયાચરણ તજીને ન્યાયાચરણ આદરવા સુજ્ઞ જનો માટે તો બસ કહેવાય. ન્યાયમાર્ગને એક નિષ્ઠાથી સેવનાર બધી રીતે સુખી થાય છે. તેને રિદ્ધિસિદ્ધિ મળે છે. જશકીર્તિ વાધે છે. અને જયકમળા વરે છે. ત્યારે તેથી વિરૂદ્ધ વર્તન સેવનાર સર્વ પ્રકારે હાનિ પામે છે, પરાભવ પામે છે અને દુઃખીદુઃખી થઇ જાય છે. વળી જુઓ ! ન્યાય-નીતિ અને સત્ય ધર્મના પસાયે પાંચે પાંડવો યુદ્ધમાં જય પામ્યા, રાજ્યલીલા પામ્યા અને છેવટે સકળ કર્મનો અંત કરી તેઓ અક્ષય અવ્યાબાધ એવું મોક્ષનું સુખ પામ્યા. ત્યારે અન્યાય-અનીતિ અને અધર્મના માર્ગેજ ચાલતારા દુર્યોધન પ્રમુખ કૌરવો રણસંગ્રામમાં પરાભવ પામીને ભુંડા હાલે મુવા અને મરીને મહા માઠી ગતિ પામ્યા. એમ સમજી સહુ સુજ્ઞ ભાઇ બહેનોએ આજ ક્ષણથી અન્યાયાચરણ તજી દઇને શિષ્ટ પુરૂષોએ સેવિત ન્યાયાચરણનુંજ દ્રઢ આલંબન લેવા પ્રતિજ્ઞા કરવી ઉચિત છે. સ્વકર્ત્તવ્યકર્મ ને પ્રમાદ રહિત નિષ્કામપણે કરનાર ન્યાયીની પંક્તિમાં આવે છે.

ઇતિશમ્.

---

# सोपक्रमी कर्मविच्छेदना हेतु.

( મુખપૃષ્ટપરના વાક્યનું અર્થ સહ વિવેચન. )

" હે ભવ્ય પ્રાણીઓ ! આ સંસારનો વિસ્તાર અગ્નિ લાગેલા ઘરના મધ્ય ભાગ જેવો તથા શારીરિક દુઃખોના નિવાસ રૂપ છે, તેથી આ સંસારમાં વિદ્વા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નોએ પ્રમાદ કરવો યોગ્ય નથી. કારણકે આ મનુષ્ય ભવ અત્યંત દુર્લભ છે. પરલોકનું સાધન કરવું એજ આ મનુષ્યભવનું પ્રધાન કાર્ય ( મુખ્ય ફળ ) છે. પંચેંદ્રિયના વિષયો પરિણામે કટુ ( કડવાં ) ફળ આપનારાં છે. સારા ( સગાંઓના)સંગમો પરિણામે વિયોગવાળા છે. આ આયુષ્ય પડવાના ( અંત આવવાના ) ભયથી વ્યાપ્ત છે, તથા તે ક્યારે પડશે ( મૃત્યુ આવશે ) તેની ખબર પડતી નથી. આ પ્રમાણે સંસારની વ્યવસ્થા હોવાથી આ સંસારરૂપી અગ્નિને ઓલવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. તેને ઓલવવામાં સિદ્ધાંતની વાસના રૂપ ધારાવાળો ધર્મરૂપી મેઘજ એક કારણછે, તેથી સિદ્ધાંતનો સ્વીકાર કરવો જોઇએ, તથા તે ( સિદ્ધાંત )ના જાણકારોની સારી રીતે સેવા કરવી જોઇએ. આ સંસાર મુંડમાલિકાની ઉપમા આપવા લાયક છે. તેમાં ખોટી અપેક્ષા ત્યાગ કરવા લાયક છે, સિદ્ધાંતની આજ્ઞા મુખ્યપણે માનવા લાયક છે, પ્રણિધાન ( ચિત્તની એકાગ્રતા ) કરવા લાયક છે. તેનું ( પ્રણિધાનનું ) સત્સાધુની સેવાવડે પોષણ કરવું યોગ્ય છે. પ્રવચનનું મલિનપણાથી રક્ષણ કરવું ( અટકાવવું ) યુકત છે. એ રક્ષણ વિધિ પ્રમાણે પ્રવર્તતો મનુષ્ય ( પ્રાણી ) કરી શકે છે, તેથી સર્વ કાર્યમાં વિધિ પ્રમાણે પ્રવર્તવું. સૂત્રને અનુસારે આત્માનું સ્વરૂપ જાણવા લાયક છે. અને ( શુભ ) પ્રવૃત્તિમાં તેના કારણોની અપેક્ષા રાખવી જરૂરની છે. તેથી નહીં પ્રાપ્ત થયેલા એવા મોક્ષ સાધનના યોગોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ, વિસ્રોતસિકા ( આશ્રવ આવવાની નહેરો ) અને તેનું ( વિસ્રોતસિકાનું ) આગમન અટકાવવું જોઇએ, એટલે આવ્યા પહેલાં તેનો પ્રતીકાર કરી રાખવો જોઇએ. આ પ્રમાણે પ્રવર્તવાથી મનુષ્યોના સોપક્રમ કર્મનો નાશ થાય છે, તથા નિરૂપક્રમ કર્મની પરંપરા (શ્રેણિ) વિચ્છેદ પામે છે. તેથી કરીને હે ભવ્ય પ્રાણીઓ ! આ બાબતમાંજ તમો યત્ન કરો."

ઉપમિતિ ભવપ્રપંચા કથા.

**વિવેચન**–આ મહાન્ વાકયની ચુંટણી એવા ઇરાદાથી કરવામાં આવી છે કે તેનું રહસ્ય કે જે અતિ ગંભીર અને પ્રાણીઓનું સર્વથા હિતકર છે તે જો વાંચકોના હૃદયમાં ઠસે તો અવશ્ય તેનું હિત થાય. આવાજ હેતુથી તે વાકયને બે વર્ષ પર્યંત શરૂ રાખવામાં આવ્યું છે. હવે નવા વર્ષથી જ્યારે તેનું સ્થાન બીજા મહાન્ વાકયને આપવાનું છે ત્યારે આ વાકયમાં શું રહસ્ય રહેલું છે તે સંસ્કૃત ભાષાથી અજ્ઞાત એવા બંધુઓને જ્ઞાત થવા માટે દર્શાવવાની જરૂર જણાઇ છે. આપણા શ્રાવક વર્ગ માટે પ્રાયેં આ માસીક છે. અને શ્રાવક વર્ગમાં સંસ્કૃત ભાષાના જ્ઞાતાની સંખ્યા બહુ અલ્પ છે. જે છે તે પણ આવા મહા વાકયનું રહસ્ય એકાએક સમજી શકે તેવી પ્રાયે નથી તેથી યથામતિ તેનું રહસ્ય બતાવવા ધાર્યું છે. ઉપર શબ્દાર્થ લખતાં પણ તેને સ્પષ્ટ કરવા માટે કેટલાક વિશેષાર્થ કૌંસમાં મુકેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાકયના પારંભમાં ગ્રંથકર્તા **શ્રી સિધ્ધાર્ષિગણી** ભવ્ય જીવોને ઉદ્દેશીને કહે છે કે-"હે ભવ્ય પ્રાણીઓ! આ સંસારનો વિસ્તાર અગ્નિ લાગેલા ઘરના મધ્ય ભાગ જેવો તથા શારીરિક દુઃખોના નિવાસ રૂપ છે, તેથી આ સંસારમાં વિદ્વાનોએ પ્રમાદ કરવો યોગ્ય નથી." આ વાકયમાં રહસ્ય એ બતાવ્યું છે કે કોઇ મકાનમાં આગ લાગી છે એવી ખાત્રી થાય તો પછી તેની અંદર રહેલા માણસો તે મકાનમાંથી નીકળી જવાનો અને સાર સાર પદાર્થ જે નીકળી શકે તે લઇ લેવાનો પ્રયત્ન કરવામાં કિંચિત્ પણ પ્રમાદ કરતા નથી, તેમ આ સંસારમાં જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, સંયોગ, વિયોગ, શોક, ભય ઈત્યાદિ અનેક પ્રકારનો અગ્નિ લાગેલો છે. સંસારમાં આસક્ત-મોહગ્રસ્ત પ્રાણી પતંગીયાની જેમ તે અગ્નિમાં ઝંપાપાત કરે છે. તે અગ્નિને ઓલવવાનો પ્રયાસ તો શાનોજ કરે? ઉલટો તે અગ્નિ પ્રદીપ્ત થાય તેવો અવળો પ્રયાસ કરે છે, તેની કૃતિ એ અગ્નિને વૃદ્ધિ પમાડે તેવી હોય છે, કારણ કે જન્મ જરા મરણાદિ ઘટે તેવો પ્રયાસ ન કરતાં તે વધે તેવાં કારણો સેવે છે. આશ્રવની ક્રિયામાં ઉન્મત્ત થઇને પ્રવર્તે છે, કૃત્યાકૃત્યનો વિચાર ભૂલી જાય છે, અભક્ષ્યનું ભક્ષણ કરે છે, અપેયનું પાન કરે છે, અને અકાર્ય કરવામાં ભવની સફળતા માને છે. આવી વિપરીત ચેષ્ટા ન કરવા માટે કર્તા તેને પ્રારંભમાં અગ્નિ લાગેલા ઘરની ઉપમા આપીને તેમાંથી ઉદ્વિગ્ન થાય તેવી પ્રેરણા કરે છે.

પ્રમાદ ન કરવાના કારણ તરીકે આગળ કહે છે કે-"આ મનુષ્ય ભવ અત્યંત દુર્લભ છે અને પરલોકનું સાધન કરવું એજ આ મનુષ્ય ભવનું પ્રધાન કાર્ય છે." મનુષ્ય ભવની દુર્લભતા દરેક જ્ઞાની પુરૂષોએ ઉપદેશના પ્રારંભમાં કહેલી છે. જે વસ્તુ મુશ્કેલીએ પમાય તે દુર્લભ કહેવાય છે. જીવોની સર્વ જાતિમાં સુખ ભોગ માટે તો દેવજાતિ ઉચ્ચ ગણાય છે, પરંતુ આત્મહિત કરવા માટે મનુષ્યજાતિ જેવી અન્ય જાતિ નથી. મનુષ્યભવ શિવાય મોક્ષ મેળવી શકાતું નથી. આ પ્રમાણે હોવાથી બીજા ભવો જ્યારે સહેજે મળી શકે છે ત્યારે મનુષ્ય ભવ ઘણી મુશ્કેલીએ પ્રાપ્ત થાય છે, એટલાજ કારણથી તેને દુર્લભ કહેલો છે. જ્યારે તે દુર્લભ છે એટલે મુશ્કેલીએ મળેલો છે અને જો તેને ફોગટમાં હારી જવાય તો પાછો ફરીને મળવો દુર્લભ-મુશ્કેલ છે ત્યારે તેમાં જે કર્ત્તવ્ય કરી લેવા યોગ્ય હોય તે સત્વર કરી લેવું જોઇએ; તેથી કર્ત્તા કહે છે કે-"આ મનુષ્યભવમાં પ્રધાન કાર્ય-મુખ્ય કાર્ય પરલોકનું સાધન કરી લેવું તે છે." પરલોક કેમ સુધરે, આ ભવ કરતાં આગામી ભવમાં ધાર્મિક કૃત્યો કેમ વધારે બની શકે, વિષય કષાયની પરિણતિ કેમ ઓછી થાય, જન્મ જરા મરણની ઉપાધિ કેમ ટળી જાય અને અવિનાશી સુખની શી રીતે પ્રાપ્તિ થાય? તેનો વિચાર કરી તેવા પ્રકારનો પ્રયત્ન કરવો તેજ આ મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવનું પ્રધાન-મુખ્ય કાર્ય છે. ખાવું પીવું, પહેરવું ઓઢવું, એશઆરામ ભોગવવો, ઇંદ્રિયોના વિષયમાં આસક્ત થવું, તેને તૃપ્ત કરવાનો પ્રયાસ કરવો, અનેક પ્રકારના પ્રયત્નોવડે તેમજ પાપસ્થાનકો સેવવાવડે લક્ષ્મી એકઠી કરવી, મોટા મોટા અધિકાર કે હોદ્દા મેળવવા-એ કાંઇ આ મનુષ્યભવનું મુખ્ય કાર્ય નથી. એ બધા ગૌણ, પ્રાસંગિક તેમજ જરૂર પૂરતાં અણછુટકે કરવાનાં કાર્યો છે.

જેઓ પ્રધાનકાર્ય ન કરતાં એવા પ્રાસંગિક કાર્યો કરવામાં પ્રવૃત્ત થાય છે, તેને માટે કર્ત્તા કહે છે કે-"પંચેંદ્રિયના વિષયો પરિણામે કટુક ફળ આપનારા છે. સારા સંયોગો પરિણામે વિયોગવાળા છે, આ આયુષ્ય પડી જવાના ભયથી વ્યાપ્ત છે અને તે ક્યારે પડશે તેની ખબર પડતી નથી." આ પ્રમાણે કહેવાવડે ભવ્ય જીવોને વિશેષ સમજુતી આપેલી છે કે, તને કદિ પાંચ ઇંદ્રિયના વિષયોમાં મીઠાશ આવતી હશે-તે વહાલા લાગતા હશે, પરંતુ તે વિષયો સેવ્યા સતા પરિણામે દુર્ગતિમાં લઈ જનારા હોવાથી મહા કડવાં ફળને આપનારા છે, તેથી તેમાં આસક્ત થવું યોગ્ય નથી. વળી તને સ્ત્રી, પુત્ર, પરિવાર, મકાન કે દ્રવ્યાદિકનો સંયોગ જે જે મનોજ્ઞ મળ્યો હોય તેમાં તું લયલીન થઇ ન જઇશ, કેમકે તે સંયોગને પરિણામે અવશ્ય વિયોગ રહેલો છે. ક્યાં તો તે સ્ત્રીપુત્રાદિ આયુષ્યની અલ્પતાથી તને છોડીને ચાલ્યા જશે અથવાં તો તું તેને અહીં મુકીને ચાલતો થઇશ. એ વસ્તુ સાથે જવાની નથી અને કદિ અહીંથી સાથે જાય-સાથે મરણ પામે તો અહીંથી નીકળ્યા પછી પણ પોતપોતાના કર્માનુસાર જુદી જુદી ગતિ થવાની છે. એટલે આગળ વિયોગ તો ઉભોજ છે. તે શિવાય ઘર, હાટ, હવેલી, બાગબગીચા, અન્ય મકાનો કે દ્રવ્ય જે મળેલ છે તે લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ છે. તેનો પાછો ઉદય થશે એટલે તારાથી તે છુટું પડનાર છે, અખંડ તારી સાથે રહેનાર નથી. છેવટે ભવને અંતે તો તે બધું અહીં મુકીને તારે એકલા ચાલ્યા જવાનું જ છે. એટલા માટે આગળ કહે છે કે-આયુષ્ય પડી જવાના અર્થાત્ પૂરૂં થઇ જવાના ભયવાળું છે અને તે ક્યારે પૂરૂં થશે તેની ખબર પડતી નથી. એટલે અહીંથી-આ ભવમાંથી તારે ક્યારે કુચ કરવી પડશે, તે ચોક્કસ નથી. જ્યારે એમ છે ત્યારે જે વખતે કર્મરાજા તરફથી ઉપડવાનો હુકમ આવે તે વખતે આનંદથી ઉપડી શકાય, પરભવમાં જતાં ભય ન લાગે તેવી તૈયારી કરી રાખવી જોઇએ. તેવી તૈયારી શી રીતે થઇ શકે તેને માટે કર્ત્તા આગળ કહે છેઃ—

"આ પ્રમાણે સંસારની વ્યવસ્થા હોવાથી આ સંસારરૂપી અગ્નિને ઓલવવા માટે પ્રયત્ન કરવો જોઇએ." આ વાક્ય સાંભળવાથી ભવ્ય જીવના હૃદયમાં પ્રશ્ન ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે કે-"એ અગ્નિ શી રીતે બુઝાય? તેને બુઝાવે તેવું જળ ક્યાં છે અને તે શી રીતે મળી શકે કે જેથી સંસારાગ્નિ બુઝાય?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રશ્નના ઉત્તરમાં કર્ત્તા કહે છે કે-" તેને બુઝાવવામાં સિદ્ધાંતની વાસનારૂપ-ધારાવાળો ધર્મરૂપી મેઘજ એક અદ્વિતીય કારણ છે તેનો સ્વીકાર કરવો જોઇએ." સંસારાગ્નિને બુઝાવે તેવાં પાંચ સાત કે અનેક કારણો નથી, પણ માત્ર એકજ કારણ છે. અને તે એ છે કે ધર્મરૂપી વરસાદનો પ્રવાહ તેની ઉપર લાગુ કરી દેવો. તેનાવડે જ એ અગ્નિ બુઝાશે. તે વરસાદની ધારા સિદ્ધાંતની વાસનારૂપ છે એટલે જે પ્રાણીના હૃદયમાં સિદ્ધાંતની વાસના જાગ્રત થાય, તેનાપર પ્રેમ આવે, તેમાં કહેલાં વચનો સત્ય લાગે, તે પ્રમાણે વર્તવાની ઇચ્છા થાય ત્યારે સમજવું કે હવે ધર્મરૂપ મેઘ વરસશે. એટલે પ્રથમ જ્ઞાન અને પછી શ્રદ્ધા-દર્શન થાય; ત્યારપછી ચારિત્રધર્મની આરાધનામાં પ્રયત્ન થઇ શકે અને તેમાં જ્યારે યથોક્ત પ્રયત્ન થાય ત્યારે પછી સિદ્ધાંતની વાસનારૂપ ધારાવાળો ધર્મરૂપ મેઘ વરસવા માંડયો કહેવાય. તેવા વરસાદથી સંસારાગ્નિ બુઝાય એ નિઃસંદેહ હકીકત છે. પરંતુ તેવા મેઘના કારણભૂત જે સિદ્ધાંતની વાસના તે સિદ્ધાંતનો સ્વીકાર કરવાથી ઉત્પન્ન થાય ત્યારે તેનો સ્વીકાર શી રીતે કર્યો ગણાય ? તેના ઉત્તરમાં કર્ત્તા કહે છે કે-" સિદ્ધાંતનો સ્વીકાર કરવાના ઇચ્છકે તેના જાણકારની સેવા કરવી જોઇએ." આ એકજ ઉપાય જો યથાર્થ આદરવામાં આવે એટલે કે તેના જાણકારની સેવા કરવામાં આવે અને તે પ્રસન્ન થાય ત્યારે તે સિદ્ધાંતના રહસ્યને સમજાવે, હૃદયમાં ઠસાવે અને તે પ્રમાણે વર્તન કરવાથીજ આત્માનું કલ્યાણ થશે એમ ખાત્રી કરી આપીને તે પ્રમાણે વર્તન પણ કરાવે, એમ થાય એટલે પછી તેની ધારા શરૂ થાય અને ધર્મરૂપ મેઘ વરસવા માંડે એટલે સંસારાગ્નિ જરૂર બુઝાય.

હવે જે પ્રાણી સિદ્ધાંતના જાણકારની સેવના કરે છે અને તેનાવડે તેની પ્રસન્નતા મેળવે છે તેને પછી આ સંસાર કેવો સમજાય છે તે કહે છે—" આ સંસાર મુંડમાલિકાની ઉપમા આપવા લાયક છે-તે ઉપમાને યોગ્ય છે." અર્થાત્ આ સંસાર મુંડ કહેતાં ખોપરી તેની માળા જે શ્રેણી તેના જેવો નિરર્થક એટલેકે નિઃસાર છે, કુત્સિત છે, નિર્ભર્ત્સનીય છે, તેનાવડે કાંઇપણ કાર્યની સિદ્ધિ થતી નથી. તેથી આગળ જતાં કહે છે કે-" તે સંસારમાં રહીને ખોટી અપેક્ષા ત્યાગ કરવા લાયક છે." એટલે મિથ્યા વાંચ્છા, ખોટી ઇચ્છાઓ પરિણામે જેથી ભવભ્રમણ વધે તેવી અપેક્ષાઓ રાખવા લાયક નથી. ત્યારે શું કરવું લાયક છે ? તેના ઉત્તરમાં કહે છે કે " સિદ્ધાંતની આજ્ઞા મુખ્યપણે માનવા લાયક છે, પ્રણિધાન ( ચિત્તની એકાગ્રતા ) કરવા લાયક છે, તેનું ( પ્રણિધાનનું ) સત્સાધુની સેવાવડે પોષણ કરવું યોગ્ય છે અને પ્રવચનનું ( જૈન શાસનનું ) મલિનપણાથી રક્ષણ કરવું યુક્ત છે." આ ચારે વાક્ય ખાસ મનન કરવા લાયક છે.સિદ્ધાંતમાં શ્રાવકને માટે જે જે આજ્ઞાઓ ફરમાવી છે, જે જે કર્ત્તવ્ય કરવાનાં કહ્યાં છે, જે જે આચરણાઓ તજવાની કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, જે જે કાર્યમાં સતત્ પ્રયત્ન કરવાનું ફરમાવ્યું છે તે તે તમામ કરવા લાયક છે. જે પ્રાણી એ પ્રમાણે કરે છે, તેજ સંસારસમુદ્રને તરે છે.સિદ્ધાંતની આજ્ઞા સ્વીકારવામાં ચિત્તની એકાગ્રતા–ચળચિત્તપણાનો અભાવ કરવાની આવશ્યકતા હોવાથી બીજા વાકયમાં તે સૂચવ્યું છે. ત્યારપછી તેવા શુભ પ્રણિધાનનું પોષણ કરવાની જરૂર હોવાથી તે સત્સાધુ–ઉત્તમ મુનિ મહારાજા, તારણતરણ જહાજ સમાન એવા સદ્ગુરૂની સેવાવડે તેનું પોષણ કરવાનું સૂચવ્યું છે. શુભ પ્રણિધાનની પુષ્ટિ સદ્ગુરૂની સેવા વિના થઇ શકતીજ નથી. સદ્ગુરૂનો વિનય કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે; અને સત્યજ્ઞાનની પ્રાપ્તિ થવાથી પ્રણિધાન પુષ્ટ થાય છે. ત્યારપછી જ્યાં નિવાસ કરવો તે સ્થાનની સંભાળ લેવાની ફરજ હોવાથી કહે છે કે, એવા પરમ ઉપકારી જિનપ્રવચનને પોતાના દુરાચારાદિવડે કોઇ પ્રાણી મલિન કરતું હોય, લોકોમાં જૈનશાસનની અપભ્રાજના કરાવતું હોય કે જેના અપકૃત્યોવડે શાસનની ઉડ્ડાહ થતી હોય તેવા મનુષ્યોથી તેમજ તેવા અકાર્યોથી જૈનશાસનની થતી મલિનતા અટકાવવી અને તેનું સારી રીતે રક્ષણ કરવું યુકત છે. તે રક્ષણ કોણ કરી શકે ? તેને માટે હવે પછી કહે છેઃ—

" તે રક્ષણ વિધિ પ્રમાણે વર્તતો મનુષ્ય કરી શકે છે. તેથી સર્વ કાર્યમાં વિધિ પ્રમાણે પ્રવર્તવું. " જે પોતે અવિધિએ પ્રવર્તતો હોય–અસદાચારી હોય તે શાસનનું રક્ષણ શી રીતે કરી શકે ? તેથી જૈનશાસનનું રક્ષણ કરવાના ઇચ્છકે પોતે વિધિ પ્રમાણે–શાસ્ત્રોકત આજ્ઞા પ્રમાણે વર્તવું યોગ્ય છે. તે ઉપરાંત બીજી શેની શેની જરૂર છે તે બતાવે છે. " સૂત્રને અનુસારે આત્માનું સ્વરૂપ જાણવા લાયક છે અને શુભ પ્રવૃત્તિમાં તેના કારણોની અપેક્ષા રાખવી જરૂરની છે. " આત્માનું ખરૂં યથાર્થ સ્વરૂપ જાણ્યા શિવાય પ્રાણી સાચા માર્ગમાં પ્રવૃત્તિ કરી શકતો નથી; તેના ગુણ શું છે અને તે ગુણના વિરોધી કારણો કયા કયા છે તે આત્મસ્વરૂપના ખરા બોધવાળોજ પ્રાણી જાણી શકે છે માટે તેના સ્વરૂપને જાણીને પછી યોગ્ય પ્રવૃત્તિ કરવી. તે પ્રવૃતિ પણ શુભ કરવી. પરંતુ શુભ પ્રવૃત્તિ તેના કારણો મેળવ્યા શિવાય થઇ શકતી નથી. કોઇપણ કાર્ય કારણ વિના સિદ્ધ થતું નથી, એતો જૈનનો સિદ્ધાંતજ છે. તેથી શુભ પ્રવૃત્તિ કરવા માટે પણ તેના કારણો જાણવાની–મેળવવાની અપેક્ષા–ઇચ્છા-ચીવટ રાખવી જોઇએ. યોગ્ય કારણો મેળવવાથી કાર્ય સિદ્ધિ સત્વર થાય છે. તેથી આગળ કહે છે કે—" તેથી નહીં પ્રાપ્ત થયેલા એવા મોક્ષસાધનના યોગોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ." મોક્ષ સાધન માટે શાસ્ત્રકારે અસંખ્ય યોગ કહેલા છે. તેમાંથી કોઇ જીવનું કોઇ યોગવડે ને કોઇનું કોઇ યોગવડે શ્રેય થાય છે. કોઇ તીર્થયાત્રાવડે આત્મ કલ્યાણ સાધે છે, કોઇ વ્રતનિયમ વડે સાધે છે, કોઇ તપ જપ વડે સિદ્ધ કરે છે, કોઇ સામાયિક, પોસહ, પ્રતિક્રમણાદિવડે કાર્ય સિદ્ધ કરે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ દાનથી, કોઈ શીલથી, કોઇ તપથી ને કોઇ ભાવથી આત્મ કલ્યાણ કરે છે; ઉપરાંત કોઇ માત્ર નવપદના કે તેમાંના એકજ પદના આરાધનથી આત્મ-કલ્યાણ મેળવે છે. આ પ્રમાણે મોક્ષ સાધ્ય કરવાના અનેક સાધનો હોવાથી એક ઔષધવડે વ્યાધિ ન શમે તો જેમ બીજું ત્રીજું ચોથું-જૂદું જૂદું ઔષધ લઇને વ્યાધિ દૂર કરીએ છીએ તેમ અનાદિ કાળથી લાગેલો સંસારમાં આસક્તિ રૂપ વ્યાધિ મોક્ષ સાધ્ય કરવાના કોઇપણ સાધન વડે દૂર કરવો જોઇએ. તેથી કર્ત્તા કહે છે કે નહીં પ્રાપ્ત થયેલા-પૂર્વે નહીં આરાધેલા એવા મોક્ષસાધનના યોગોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. આ પ્રયત્ન કરતાં રોકનાર-અટકાવનાર કોઇ હોય તો તેને નિવારવાની આવશ્યકતા હોવાથી આગળ કહે છે કેઃ—

" વિસ્રોતસિકા-આશ્રમ આવવાની નહેરોને જાણવી જોઇએ અને તે વિસ્રોતસિકાનું આગમન અટકાવવું જોઇએ. અર્થાત્ પ્રથમથી તેનો પ્રતિકાર કરી રાખવો જોઇએ." જ્યાંસુધી પાપનો પ્રવાહ આવ્યા કરતો હોય ત્યાંસુધી આત્મા કર્મ મલથી હલકો પડી શકતો નથી તો પછી મોક્ષનું સાધન તો શી રીતે કરી શકે ? તેથી જેમ પાણીથી ભરેલા સરોવરને ખાલી કરવાનો પ્રયત્ન કરવાના પ્રારંભમાં બહારથી નવું પાણી આવવાના ગરનાળાં બંધ કરવાની જરૂર પડે છે. અને પછી અંદરનું પાણી કાઢતાં ક્રમે ક્રમે સરોવર ખાલી થઇ શકેછે તેમ આ આત્માને અનાદિ કાળથી અનંતા કર્મો લાગેલા છે, તે કર્મ સંચયને દૂર કરવાનો પ્રયત્ન કરવાના પ્રારંભમાં સંવરવડે આશ્રવને રોકવા જોઇએ, ત્યારપછી પૂર્વ કર્મની નિર્જરા થઇ શકે અને પરિણામે મોક્ષ પ્રાપ્ત થાય. અહીં કર્ત્તા કહે છે કે પ્રથમ આશ્રવને અર્થાત્ કર્મને આવવાની વિસ્રોતસિકા એટલે નહેરોને જાણવી જોઇએ ઓળખવી જોઇએ. કે કર્મ શાવડે આવે છે ? કર્મગ્રંથકાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગને બંધ હેતુ તરીકે ઓળખાવે છે ત્યારે નવતત્ત્વકાર આશ્રવના ભેદમાં ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગ ને ક્રિયા બતાવે છે. આ બંને વિચાર કરતાં એકજ છે. મિથ્યાત્વનો ક્રિયામાં, અવિરતિનો ઇંદ્રિય ને અવ્રતમાં સમાવેશ થાય છે અને કષાય ને યોગ તો બંનેમાં છે. આ બંધહેતુ અથવા આશ્રવભેદ ઉપરાંત અઢાર પાપસ્થાનકો પણ કર્મ આવવાના દ્વારરૂપ કહ્યા છે. તે અઢારનો સમાવેશ પણ બંધહેતુમાં તેમજ આશ્રવભેદમાં થાય છે. એ વિસ્રોતસિકા-પ્રવાહને રોકવા માટે પ્રથમથી પ્રયત્ન કરવો એટલે સંવરનું સેવન કરવું. સંવરવડેજ આશ્રવો રોકાય છે. સંવરમાં પ્રવૃત્તિ કર્યા વિના કદીપણ આશ્રવ રોકી શકાતા નથી. સંવરના ભેદ પ્રભેદ નવતત્ત્વાદિથી જાણવાની જરૂર છે. તે જાણી તેમાં પ્રવૃત્તિ કરી આશ્રવને રોકીને અર્થાત્ નવાં આવતાં કર્મોને રોકીને પછી પ્રથમના સંચયભૂત કર્મોને દૂર કરવામાટે નિર્જરાના અંગીભૂત બાહ્ય અભ્યંતર તપમાં પ્રવૃત્તિ કરવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઇએ. તેમ કરવાથી પૂર્વ કર્મો ઘટે છે અને તેનો સર્વથા વિનાશ થતાં પ્રાણી મોક્ષ-લક્ષ્મી પ્રાપ્ત કરે છે.

અહીં કર્ત્તા કહે છે કે-"વિસ્રોતસિકાને જાણી તેનું આગમન પ્રથમથી અટકાવવું જોઇએ. આ પ્રમાણે વર્તવાથી મનુષ્યોના સોપક્રમ કર્મનો નાશ થાય છે અને નિરૂપક્રમ કર્મની પરંપરા વિચ્છેદ પામેછે, તેથી હે ભવ્ય પ્રાણીઓ! આ બાબતમાંજ તમે યત્ન કરો." આ કર્ત્તાનું છેવટનું વાકય છે. પૂર્વે જે બધાં વાકયો કહ્યાં છે તેનું રહસ્ય-તાત્પર્યથી છેવટે બતાવેલ છે તે તેજ છે. તેને માટેજ બધું પ્રથમનું કથન છે. આશ્રવનો પ્રવાહ રોકવાથી પછી સોપક્રમ કર્મનો આત્મવીર્યથી નાશ થાય છે-પ્રદેશોદયથી વેદાઇને ક્ષય પામી જાય છે, તીવ્ર વિપાક આપતા નથી. અને નિરૂપક્રમી કર્મ કે જે પ્રાયે પ્રમાણુમાં ઓછાં હોય છે પરંતુ અવશ્ય વિપાકોદયને આપનારાજ છે તેની પણ શ્રેણી-પરંપરા ચાલતી નથી; એટલે પૂર્વબદ્ધમાં નિકાચિત હોય તે વેદવા પડે છે પરંતુ પરિણતિ શુદ્ધ થયેલી હોવાથી તે કર્મ વેદતાં-ભોગવતાં નવાં કર્મોનો બંધ થતો નથી. એટલે જેટલાં ભોગવાય તેટલાં ઘટતાજ જાય છે. જેઓ અશુદ્ધ પરિણતિવાળા જીવ હોય છે તેઓ નિકાચિત કર્મોને ભોગવતાં પાછાં નવા કર્મો પણ તેવાજ ચીકણા-ગાઢ બાંધે છે, જેથી તેની પરંપરા ચાલ્યાજ કરે છે. પરંતુ જે જીવોને પુર્વે કહ્યા પ્રમાણે સિદ્ધાંતનો બોધ સદ્ગુરૂની સેવાથી પ્રાપ્ત થયો હોય, ચિત્તની એકાગ્રતા થઇ હોય, વિધિ પ્રમાણે પ્રવૃત્તિ કરતા હોય, આત્મસ્વરૂપ જાણ્યું હોય, નવા નવા મોક્ષના સાધનભૂત યોગને મેળવવાના ઉદ્યમી હોય અને વિસ્રોતસિકાને જાણીને તેને પ્રથમથી રોકી રાખવાના પ્રયત્નવાન્ હોય તેને નિકાચીત કર્મો વેદતાં નવાં કર્મો બંધાતા નથી એટલે સોપક્રમીને નિરૂપક્રમી બંને પ્રકારના કર્મો ઘટે છે, નાશ પામે છે, તેનો આત્યંતિક વિયોગ થાય છે, જેને પરિણામે તેવા જીવો ઘાતિ અઘાતિ તેમજ દેશઘાતિ ને સર્વઘાતિ સર્વ કર્મોનો ક્ષય કરી અપૂર્વ ને શાશ્વત મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત કરી શકે છે. સોપક્રમી કર્મનો વિચ્છેદ કરવાના ઉપર બતાવ્યા છે તેજ પ્રબળ હેતુ છે. તેથી તેને માટેજ યત્ન કરવાનું કર્ત્તા પ્રાંતે કહે છે. આ વાકયોની અંદર ઉત્તરોત્તર એવો સુંદર ક્રમ રાખેલો છે એટલે કારણને કાર્ય-કાર્ય તે પાછું કારણ, જે તેનું કાર્ય-એમ એવી અસરકારક પદ્ધતિએ વાકયો ગોઠવેલાં છે કે જેને માટે કર્ત્તાની વિદ્વત્તા અદ્વીતીય હોવાનો ભાસ થાય છે. અમે આ અમૂલ્ય વાકયની ચુંટણી કરીને તેના અર્થ સાથે અમારા વાંચકોને તેનો લાભ આપ્યો છે. તેને સાર્થક કરવા માટે ઉપર લખેલાં વાકયો હૃદયમાં ગોઠવી તેને અનુસરતું વર્તન જે ભવ્ય પ્રાણી કરશે તે અવશ્ય આત્મકલ્યાણ પ્રાપ્ત કરશે.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# છઠ્ઠા વ્રત ઉપર સિંહ શ્રેષ્ઠીની કથા.

દશ દિશામાં ગમન કરવાની હદ કલ્પીને પછી તે હદનું ઉલ્લંઘન ન કરવું એ દિગ્વિરતિ નામનું શ્રાવકનું છઠ્ઠું વ્રત અને પહેલું ગુણવ્રત કહ્યું છે. પાપરૂપી હાથીને દોડીને પડવા માટે પ્રલયકાળના ખાડા સમાન આ વ્રત ધર્મરૂપી રાજાને સુવર્ણનાં સિંહાસન જેવું છે. આ દિગ્વિરતિ વ્રત ધર્મરૂપી પુષ્પોનું મોટું વૃક્ષ છે; અને તે ઉપર ચડેલા મનુષ્યોને પાપરૂપી શિકારી પશુઓનો ભય રહેતો નથી. દિગ્વિરતિ વ્રતને ધારણ કરનાર જે પુરૂષે ગમનાગમન કરવામાં પોતાના આત્માનો સંકોચ કર્યો છે, તેણે સિંહશ્રેષ્ઠીની જેમ સંસારને ઉલ્લંઘન કરવા માટે મોટી ફાળ મારવાનો આરંભ કર્યો છે એમ જાણવું.

## સિંહ શ્રેષ્ઠીની કથા.

દેશના વિસ્તારમાં સર્વથી મોટી, આશ્ચર્યકારક અને સરળતાના ગુણોવડે પૂર્ણ **વાસંતી** નામે પ્રસિદ્ધ પુરી છે. તે પુરીમાં **કીર્તિપાળ** નામે રાજા હતો. તેની કીર્તિરૂપી કન્યાને ક્રીડા કરવામાં આકાશ રૂપી ઉત્સંગ પણ સાંકડો હતો. તે રાજાને રૂપલક્ષ્મીને સ્પર્શ કરવામાં લુબ્ધ કરનાર અનેસમગ્ર ગુણોવડે વ્યાપ્ત શ્રીમાન્ **ભીમ** નામે પુત્ર હતો, તથા તે રાજાને તે પુત્રથકી અને પોતાના પ્રાણથકી પણ અત્યંત પ્રિય **સિંહ** નામે શ્રેષ્ઠી મિત્ર હતો. તે શ્રેષ્ઠી નિરંતર જિનેશ્વરની ભક્તિ, જિનેશ્વરના મતનું જ્ઞાન અને તેમના કહેલા ધર્મ પ્રમાણે વર્તન, એ ત્રણ સારભૂત અલંકારને ધારણ કરતો હતો.

એકદા મોટી સભામાં બેઠેલા અને તે શ્રેષ્ઠીના મુખ સામું જોનારા તે રાજા પાસે આવીને શ્રેષ્ઠ છડીદારે વિજ્ઞપ્તિ કરી કે—"હે દેવ! આપણા દ્વારને વિષે કોઇ દિવ્ય આકૃતિવાળો શ્રેષ્ઠ પુરૂષ આવેલો છે, અને તે આપના મુખકમળને વિષે પોતાના નેત્રને ભ્રમર રૂપ કરવા ચાહે છે." તે સાંભળીને રાજાએ ભૃકુટી રૂપી પલ્લવથી સંજ્ઞા કરી, તેથી તે છડીદારે તત્કાળ તે પુરૂષને સભાની પૃથ્વીમાં પ્રવેશ કરાવ્યો. ત્યારપછી તે કુશળ પુરૂષ નમસ્કાર કરીને આસનપર બેસી વચનામૃતવડે રાજાના શ્રોત્રને સ્નાન કરાવવા લાગ્યો, અર્થાત્ તે બોલ્યો કે,—"હે જગતના નાથ! આપ જાણો છો કે **નાગપુર** નામના નગરમાં શત્રુને મથન કરવાના તેજવાળો **નાગચંદ્ર** નામે રાજા છે. તેને દેવાંગનાઓના વર્ણન સમયે પ્રશંસા કરવા લાયક અને કામદેવરૂપી પોપટના પાંજરા સમાન **રત્નમંજરી** નામે પ્રિયા છે. તે બન્નેને કામદેવરૂપી રાજાનાં અસ્તિત્વને સૂચવનારી અને દેહવાળી જાણે ગુણોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગાજ હોય એવી ગુણમાળા નામની પુત્રી છે. તેણીના શરીરમાં[1] રહેલી લક્ષ્મી પ્રફુલ્લિત કમળમાં, હાથીના બે કુંભસ્થળમાં તથા ચંદ્રમંડળમાં નિવાસ કરનારી સાક્ષાત્ લક્ષ્મીને હસે છે. યુવાવસ્થાવડે મનોહર એવી તે કન્યાને માટે યોગ્ય વરનો વિચાર કરતાં તે રાજાએ પ્રભાનેમાટે સૂર્યની જેમ આપના પુત્રને કન્યા આપવાનો નિશ્ચય કર્યો છે. હે સ્વામી! આ બાબત આપની પ્રાર્થના કરવામાટે મારા રાજાએ વિશ્વાસના પાત્રરૂપ મને મુખ્ય દૂતને મોકલ્યો છે. તેથી હેપ્રભુ! સત્પ્રભાના ઉલ્લાસવડે કામદેવને વિલાસ રહિત કરનારા આપના પુત્રને માટે રતિને અત્યંત જીતનારી તે કન્યાને આપ અંગીકાર કરો. તથા હે સ્વામી! ઉત્સવના આભોગથી મારા રાજાપર, વરની પ્રાપ્તિથી તે કન્યાપર અને દૂતપણાને સફળ કરવાથી મારાપર આપ અનુગ્રહ કરો.”

આ પ્રમાણે તે દૂત બોલતો હતો, ત્યારે આનંદ પામતો રાજા સિંહશ્રેષ્ઠીના મુખ કમળ ઉપર પોતાના બન્ને નેત્રો નાંખીને બોલ્યો કે—“હે મિત્ર! આપણા બેમાં કાંઇ પણ અંતર નથી, માટે આ પુત્રને લઇને તું નાગપુર જા, અને આ સંબંધ કર.” તે સાંભળીને ભયંકર અનર્થદંડથી ભય પામેલા ચતુર સિંહે કાંઇક નીચું મુખ રાખી રાજાને કાંઇ પણ ઉત્તર આપ્યો નહીં. તે જોઇ કાંઇક કોપથી નેત્રને રક્ત કરી રાજા બોલ્યો કે—“હે મિત્ર! શું આ સંબંધ સારો નથી? કે જેથી તું ઉત્તર આપતો નથી.” તે સાંભળીને કોપના લેશથી વ્યાપ્ત થયેલા રાજાને જોઇ સિંહશ્રેષ્ઠી અમૃતના જેવી મનોહર વાણીની કળાને અંગીકાર કરીને બોલ્યો—“હે રાજન્! સો યોજનથી વધારે દૂર ન જવું એવું મારે વ્રત છે. અને અહીંથી નાગપુર સો યોજન કરતાં વધારે દૂર છે તેથી ફરીને હું આ વિવાહમાં વ્રતભંગના ભયને લીધે જઇ શકતો નથી, માટે આ કાર્યમાં મારી જેવાને આદેશ આપવો ન જોઇએ.” આ પ્રમાણેના વચનરૂપી ઘીના હોમવડે રાજાનો કોપાગ્નિ અત્યંત પ્રજ્વલિત થયો, અને તે અગ્નિની જવાળાથી જાણે સંતાપ પામી હોય તેવી વાણીને અંગીકાર કરી રાજા બોલ્યો કે—“હે મિત્ર! જ્યાં મારે જવું યોગ્ય છે, ત્યાં જવા માટે મેં તને આદેશ કર્યો છે, તેવું કાર્ય પણ તને આદેશ કરવા લાયક જો ન હોય, તો તું કોઇ મોટો મહિમાવાળો જણાય છે. વળી જો તું સો યોજનથી અધિક દૂર નથી જતો અને એવું તારે વ્રત છે, તો તને સો યોજન ઉપરાંત ઉંટના સ્વારો સહિત મોકલીને હું ત્યાંજ રખાવીશ.” તે સાંભળીને તેનો કોપ દબાવવા માટે હાસ્ય કરીને તે ચતુર સિંહે બુદ્ધિ ઉત્પન્ન થવાથી રાજાની પાસે કહ્યું કે—“હે સ્વામી! તમારા વિરહને નહીં સહન કરી શકનારા એવા મેં અહંકાર વિના જ આ ઉત્તર આપ્યો છે, પરંતુ આપની તેવીજ આજ્ઞા હોય તો મારે આપનો આદેશ મુકુટ સમાન છે” તેની આવી વાણીથી રાજા પ્રસન્ન થયો, અને મોટું સૈન્ય, મુખ્ય મંત્રી અને ઘણા સુભટો સહિત કુમારને વિવાહ

૧ નેત્ર, સ્તન અને મુખમાં રહેલી લક્ષ્મી-શોભા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે પ્રયાણ કરાવ્યું. મનુષ્યને વિષે સિંહ સમાન તે રાજાએ તે વિવાહના કાર્યમાં પોતાનાજ જૂદા આત્મારૂપ તથા હૃદયને પ્રિય એવા સિંહને સર્વ કાર્યમાં મુખ્ય કર્યો. ત્યાર પછી કુમારની સાથે પ્રયાણ કરતાં સિંહે શુભ વૈરાગ્યવાળી વાણીને સમૂહ કે કુમારની સંસારમાં રહેવાની વાસનાને (ઇચ્છાને) તોડી નાંખી. તેથી સ્પષ્ટ રીતે મુક્તિ રૂપી સ્ત્રીનો લોભી થયેલો તે સુશોભિત રાજકુમાર લક્ષ્મીને તૃણ સમાન ગણવા લાગ્યો. પછી દિગ્વિરતિ નામના વ્રતમાં રહેલા શ્રેષ્ઠીએ કાંઇ મીષ કાઢીને સો યોજન ઉપરાંત તેને (સૈન્ય સહિત કુમારને) પ્રયાણ કરાવ્યું નહીં.

પછી પ્રયાણ બંધ થયા પાંચ છ દિવસ ગયા, ત્યારે એકાંતમાં હાસ્યયુક્ત વાણીવાળ મંત્રીઓએ કુમારને કહ્યું કે–"હે કુમાર! પ્રયાણ કરતી વખતે અમને રાજાએ ગુપ્ત રીતે કહ્યું હતું કે જો કોઇ પણ કાર્યના મીષથી સિંહ શ્રેષ્ઠી પ્રયાણનો નિષેધ કરે, તો બળાત્કારે પ્રયાણ કરાવવાથી પણ તમે અપરાધી નથી. તો હવે આ સિંહને બાંધીને તેને સાથે લઇ આપણે નાગપુર તરફ કેમ ન જવું ?" આ પ્રમાણે બોલતા સચિવોને રાજકુમારે કહ્યું કે–"જો પ્રયાણનો આજે નિર્ણય ન થાય, તો પછી કાલે તે પ્રમાણે કરશું." ત્યારપછી એકાંતમાં રાજકુમારે ધર્મકળાના ગુરૂરૂપ સિંહની પાસે તેના મનને અપ્રિય એવું તે મંત્રીઓનું વચન કહ્યું. તે સાંભળીને ધર્મરૂપી સમુદ્રનો ઉલ્લાસ કરવામાં ચંદ્ર સમાન અને સંસારના શમનનો આરંભ કરનાર મહાબુદ્ધિમાન સિંહે કુમારને કહ્યું કે–"હે કુમાર ! આ અંગ પણ મારૂં નથી એમ કહીને હું કોઇક પવિત્ર વનના પ્રદેશમાં પ્રતિલેખના કરેલી પૃથ્વીપર વૃક્ષની જેમ પડીને અવયવોના સમૂહને નિશ્ચળ રાખી પાદપોપગમ અનશન ગ્રહણ કરીશ, તો પછી શું તેઓ મને બાંધીને લઇ જશે ?" એમ કહીને સિંહની જેમ તે સિંહશ્રેષ્ઠી રાત્રીમાંજ વનમાં ગયો. એટલે "તુંજ મારૂં શરણ છે" એમ બોલતો કુમાર પણ તેની પાછળ ગયો. પ્રાતઃકાળે તે બન્નેને શયનાદિકમાં નહીં જોવાથી મંત્રીઓ તેમના પગલાંને અનુસારે ઘણે દૂર ગયા. ત્યાં તેમણે નિરંતર આકાશમાં ભ્રમણ કરીને થાકી ગયેલા જાણે સૂર્ય અને ચંદ્ર આવીને સુતા હોય તેમ કોઇક પર્વતની તળેટીમાં પરિવ્રજ્યાને ધારણ કરેલા અને પાદપોપગમ અનશન કરીને રહેલા તે બન્નેને જોયા. તે પ્રમાણે જોઇને વિલક્ષપણાએ કરીને જેમનાં મુખ શ્યામ થયાં છે એવા તે મંત્રીઓ પ્રણામ કરીને ચાટુમય વાણીવડે બોલ્યા કે "હે સ્વામીઓ ! કટુ વચનવડે પુષ્ટ થયેલો અમારો અપરાધ ક્ષમા કરો, અને જલદી ઉઠો, આપણે નાગપુર જઇએ. આ વૃત્તાંત જાણીને રાજા અમારાપર કોપ પામશે, અને દુઃખથી દુર્બળ શરીરવાળા અમને કુટુંબ સહિત તલની જેમ ઘાણીમાં પીલી નાખશે, તેથી કરીને હે કૃપાના સાગર ! અમારાપર કૃપા કરીને પ્રસાદવડે આર્દ્ર દૃષ્ટિથી અમારા સામું જુઓ, અને સ્મિતવડે જેના ઓષ્ઠ ધોવાયા છે એવા મુખથી અમારી સાથે બોલો." આવાં અનેક પ્રકારનાં ચાટુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વચન બોલતા મંત્રીઓ નિષ્ફળ થયા, ત્યારે તેમણે શીઘ્ર ગતિવાળા ચર-પુરૂષોદ્વારા રાજાને આ વૃત્તાંત જણાવ્યો. તે જાણીને ક્રોધ પામેલો રાજા "પુત્રને બાંધીને પરણાવવો, અને સિંહને શત્રુની જેમ મારી નાંખવો." એ પ્રમાણે નિશ્ચય કરીને અત્યંત વેગવાળા વાહનવડે ત્યાં આવ્યો. આવીને જુએ છે તો તે વિરૂદ્ધ બુદ્ધિવાળા રાજાએ વાઘ, હાથી અને સિંહ વિગેરે જંતુઓવડે જેના ચરણકમળ સેવાતા છે એવા તે બન્ને મહામુનિને જોયા. તે વખતે રાજાએ વિચાર્યું કે—

"પ્રભાવવાળા આ બન્ને બળાત્કારે પરાભવ કરી શકાય તેવા નથી, માટે ભક્તિથીજ તેમને મનાવવા." એ પ્રમાણે મનમાં વિચારીને રાજા તેમની પાસે ગયો. તેને આવતો દેખી વ્યાઘ્રાદિક પશુઓએ માર્ગ આપ્યો. પછી તે તેમની પાસે આવીને તેમને નમ્યો, ચાટુ વચન બોલવા લાગ્યો, અને છેવટે સન્મુખ જોવાની જ પ્રાર્થના કરી. તો પણ તેમણે તે રાજાની સામું જોયું પણ નહીં. છેવટ એક માસના ઉપવાસને અંતે સુર અને અસુરોથી સ્તુતિ કરાતા અને શુદ્ધ ધ્યાનને આધિન થયેલા તે બન્ને મુક્તિરૂપી પ્રિયાને પામ્યા.

ત્યાર પછી "હે મિત્ર! હું સો યોજનથી વધારે દૂર જતો નથી એવો તારો નિશ્ચય હતો, પરંતુ અત્યારે મને મૂકીને અસંખ્ય યોજન દૂર રહેલા મોક્ષમાં તું કેમ ગયો?" આ પ્રમાણે વિલાપ કરતા રાજાએ સિંહ નામના મિત્રના તથા પુત્રના શરીરનો અગ્નિ સંસ્કાર કર્યો, અને પોતાના આત્માને શોકરૂપી મહા અગ્નિમાં પ્રવેશ કરાવ્યો. ત્યારપછી દેવોએ તે બન્નેના ઉત્કૃષ્ટ સત્ત્વનું વર્ણન કરી રાજાને બોધ પમાડયો. ત્યારે ધર્મમાં દૃઢ બુદ્ધિને ધારણ કરીને તે પૃથ્વીપતિ પોતાના નગરમાં ગયો.

જે સિંહ શ્રેષ્ઠીએ પ્રાણોને સુખેથી તજ્યા, પણ અંગીકાર કરેલા વ્રતને તજ્યું નહીં, તેની જેમ હે ભવ્ય જનો! તમે પણ દિગ્વિરતિ વ્રતમાં અખંડ પ્રીતિને ધારણ કરો.

॥ इति दिग्विरतिविचारे सिंहश्रेष्ठी कथा. ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મની વિદ્યમાન તપશ્ચર્યા.

( લેખક-આર્દુમ મુનિ પુણ્યવિજયજી. )

તપનું સ્વરૂપ–પુદ્ગલ સંબંધિ અનાદિ કાળથી જે ઇચ્છા ચાલી આવે છે તેને અટકાવવી તે તપ; અનાદિ કાળથી આઠ કર્મના સંયોગથી જીવ સાંસારિક બંધનમાં પડી રહેલો છે તે આઠ કર્મરૂપ શત્રુને તપાવવાં યા તેનો જય કરવો તેનું જે સાધન તે તપ; જન્મ જરા મરણના દુઃખથી આ જીવ ઘણા કાળથી દુઃખી થાય છે તેથી આત્માના હિતાર્થીએ અસંખ્યાતા યોગોમાંથી કોઈપણ યોગ કે જે પોતાને અભ્યાસવડે સુસાધ્ય થઇ શકે તે કરીને આત્માનું શીઘ્ર હિત કરવું યોગ્ય છે. જેમ દરેક સ્ટુડન્ટ (વિદ્યાર્થી) મેટ્રીકની પરીક્ષા પસાર કર્યા પછી કઇ લાઇનથી જલદી તથા વધારે દ્રવ્યની પ્રાપ્તિ થઇ શકશે તથા પોતે કઇ લાઇનમાં પોતાના મગજને સારૂં ખીલવી શકશે તેનો વિચાર કરી ચહાય તો બી, એ. યા એલ, એમ, એન્ડ એસ, યા બેરીસ્ટર –કે એગ્રીકલ્ચર પ્રમુખ આર્ટ્સ માંહેની કોઇ પણ લાઇન પસંદ કરી તેને માટે કલાકના કલાકો સુધી અભ્યાસ કરી પોતાના દેહની પણ ચિંતા વગર તેમાં મથે છે. આ બધું તે લાઇનમાં જલદીથી ને સારા ગ્રેઇડમાં–ઉંચે નંબરે પસાર થવાની બુદ્ધિથી કરે છે. તેમાં સામાન્ય નંબરે પાસ થાય છે તો પણ સર્ટીફીકેટ મળી શકે છે. આ અભ્યાસમાં તેઓ અંગતોડ મહેનત કરે છે કે જેથી કેટલાક યુવકો કર્મવશાત્ ક્ષય પ્રમુખ રોગના ભોગ પણ થઇ પડે છે. અનેકના નેત્રમાં શોર્ટ સાઇટ (ટુંકી નજર) આવી જાય છે તેથી લઘુ વયમાં ચસમાં ધારણ કરવા પડે છે અને કેટલાક અસાધારણ પરિશ્રમથી મગજના વ્યાધિને વશ થઇ ગાંડા (mad) થઇ જાય છે. આ પ્રમાણે ફક્ત ઉદર પોષણનેમાટે આટલો સખ્ત પ્રયાસ કરે છે ત્યારે પાસ થઇને સો બસો યા પાંચસોની આમદાની જેટલો દરમાયો પેદા કરી શકે છે. પરંતુ તેની આશા હોય તેથી ઘણીજ વધતી જાય છે. આશારૂપી જંજીર–સાંકળથી બંધાયેલ પ્રાણી જગતમાં એક સ્થાનેથી બીજે સ્થાને એમ ભટકયા કરે છે અને જ્યારે તે આશાના બંધનથી મુક્ત થાય છે ત્યારે એકજ સ્થળે શાંતપણે રહે છે આ એક આશ્ચર્ય છે. કેમકે જ્યારે બંધનમાં આવે ત્યારે સ્વછંદપણે ફરી હરી ન શકે; પણ આ તૃષ્ણારૂપી બંધન તે એક વિચિત્ર બંધન છે. જો કે તેને એક બે કે પાંચ દશ માણસનું (સામાન્ય રીતે) ગુજરાન કરવું છે. ત્યારે તે આટલો લોભ શું મતલબથી કરેછે તે વિચારતાં કોઇ તો કેવળ લોભથી કરેછે, કહેવતછેકે, 'The more a miser gets more avaricious he becomes' કંજુસનો એવો સ્વભાવછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કે, 'જેમ જેમ ધન પ્રાપ્તિથાયછે તેમ તેમ તે અતિ લોભી બનેછે.' કોઇ ભવિષ્યમાં વૃદ્ધાવસ્થા પ્રમુખમાં નિવૃત્તિથી જીંદગી ગુજારવામાટે કરે છે, કોઇ પુત્રાદિક દુઃખી ન થાય તેને અર્થે કરે છે, કોઇ હું અમુક હજારની યા લાખ–કે કરોડની મુડીવાળો છું એમ કહેવરાવવા યા બંગલા બાગ બગીચા કે ગાડી ઘોડાવાળો છું એમ જણાવવા પોતાના માન–યશને અર્થે કરે છે, કોઇ સ્વકુટુંબાદિકના નિર્વાહ સાથે પરોપકાર કરી શકાય તેને અર્થે કરે છે, કોઇ મોજશોખ ને વ્યસનોમાં દ્રવ્યનો યથેચ્છ ઉપયોગ કરવા અર્થે કરે છે, એમ જુદા જુદા આશય (વિચારો)થી દ્રવ્ય વૃદ્ધિમાટે પરિશ્રમ કરે છે. નહિ તો પોતાના એક પેટના ગુજરાનમાટે તો પાંચ યા દશ રૂપિયા પણ બસ થઇ શકે તેમ છે. તેની અંદર કેટલાક માણસ થોડી જ મહેનતથી દ્રવ્ય પ્રાપ્તિ કરી શકે છે અને કેટલાકને તો સવારથી સાંજ સુધી સખ્ત હાડમારી કરવા છતાં સુકો ટુકડો મળવો પણ મુશ્કેલ થઇ પડે છે.

કેટલાક વિદ્યાર્થી અલ્પ અભ્યાસથી પોતાનો પાઠ તૈયાર કરી શકે છે ને પરીક્ષા પસાર કરે છે. જ્યારે કેટલાકને અથાગ પરિશ્રમ કરવા છતાં ઘણી વખત નાસિપાસ થવું પડે છે. નાપાસ (fail) થાય છે.

ઉપર જે સામાન્ય દૃષ્ટાંત બતાવ્યું છે તે અનુસાર જૈનશાસ્ત્રમાં જન્મ જરા મરણના દુઃખમાંથી મુક્ત થવા માટે અસંખ્ય યોગો બતાવ્યા છે; તેમાં જ્ઞાન, ધ્યાન તપ, ભક્તિ, દાન, શિયલ, ભાવ, વિનય, વૈયાવચ્ચ ( અન્ય બાળ વૃદ્ધ રોગી વિગેરે ગુણીની સેવા ચાકરી ) ઉપશમ, સંવર, વિવેક, નમ્રતા, સંયમ ( આત્મ ગુણમાં રમણતા) સત્ય, નિઃસ્પૃહતા–અકિંચન, સરલતા, નિર્લોભતા, સામાયિક, જિન પૂજાદિકમુખ્ય છે. તેમાં પણ તપ તે એક ઉત્કૃષ્ટ યોગછે જેના વડે નિકાચિત [1]કર્મોનો પણ નાશ થાયછે. વળી તપ તે સર્વ માંગલિક કાર્યને વિષે પ્રથમ મંગલછે. આ તપ શાસ્ત્રકારોએ યથાશક્તિ કરવાનું કહ્યુંછે. અર્થાત્ પોતાની ઇંદ્રિયોની હાનિ ન થાય તેમજ નિત્યની જ્ઞાન ધ્યાન આવશ્યકાદિ ક્રિયામાં હાનિ ન પહોંચે તેવીરીતે સમતા પૂર્વક સદ્‌ગુરૂ સન્મુખ અંગીકાર કરવાનું ફરમાવેલ છે. તપ કરનારે પ્રથમ સ્વશક્તિનો તોલ કરવો જોઇએ. ગુરૂ મહારાજ પણ લેનારની શક્તિ તથા તેણે કેટલો તપ પૂર્વે કરેલ છે–તે વિગેરે જાણી વિચારી દેશકાલ અનુસારે લાંબા તપનું ઉચ્ચારણ એક સાથે યા ક્રમેક્રમે કરાવેછે. માસ યા દોઢ માસ પ્રમુખની લાંબી તપસ્યામાં તેટલાજ માટે એક સાથે સોળ ઉપવાસથી વિશેષ તપ પ્રાયે ઉચ્ચરાવતા નથી.

1 ભોગવ્યા વિના કોઇ પણ રીતે છુટી ન શકે તેવા દૃઢ કર્મો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પંચમ કાળમાં પાસખમણ(પંદર ઉપવાસ)યા માસ ખમણ (એક માસના ઉપવાસ ) યા દોઢ માસી કે તેથી વધારે છ માસ પર્યંતનો ઉત્કૃષ્ટ તપ મહા સત્વવંત ધૈર્યવાન મનુષ્ય આદરીને પરિપૂર્ણ કરી શકે છે. બાકી કાયર પુરૂષથી એવો તપ થવો અશક્ય છે. પૂર્વોક્ત તપ આશંસા રહિત તથા નિયાણા રહિત(એટલે આ તપસ્યાનું ફળ મને દેવલોકાદિના પુદ્ગલિક સુખ હોજો તેવી ઇચ્છા વિના) તથા કષાય–ક્રોધ રહિત કરવામાં આવે તેજ પ્રશંસ્યો (વખાણ્યો) છે. બીજા આશા, ભાવના, નિયાણા સહિત તથા કષાયજનિત તપ ઉપર કહેલ તપની(કેવલ મોક્ષની અભિલાષા—નિઃસ્પૃહી) અપેક્ષાએ અતિ અલ્પ ફળ દેવાવાળા કહ્યા છે. અને તદન અજ્ઞાન દશામાં કરેલો તપ તે પ્રાયઃ કાયક્લેશ રૂપ થાય છે, પરંતુ કોઇ વખત તે પણ શુભ નિમિત્તથી હિતકારી થાય છે.

આગળ કહી ગયા જે સાંસારિક સુખને અર્થે અમુક લાઇનમાં પારાવાર તકલીફ અને તન મન ધનનો પણ ભોગ આપતાં પ્રત્યક્ષ આપણે જોઇએ તથા અનુભવીએ છીએ તો મોક્ષફળની ઇચ્છાવાળાને મોક્ષ પરીક્ષા—"Piety examination" પસાર કરવા માટે સાંસારિક ડીગ્રી મેળવવા કરતાં કેટલી અથાગ મહેનત કરવી જોઇએ? અર્થાત્ પ્રથમના કરતાં એમાં અત્યંત પ્રયાસની જરૂર છે. મોક્ષ ડીગ્રી(સિદ્ધિ પદના ઇલકાબ)ની અંદર સાંસારિક દરેક પ્રકારની ડીગ્રી–ઇલકાબોનો સમાવેશ થઇ જાય છે. સંસારમાં કહેવાય છે જે "દુઃખ વગર સુખ નહિ" યા "આપ મુવા વિણ સ્વર્ગે ન જવાય" તે અનુસાર પ્રથમ અવશ્ય દુઃખ તો ભોગવવુંજ પડશે. અનુક્રમે અભ્યાસવડે વધારે વધારે દુઃખ સહન કરવાને જેમ માણસ શકિતવાન થઇ શકે છે તેમ એક બે ચાર આઠ કે પંદર દિવસની અથવા એક માસની એમ ક્રમે ક્રમે તપસ્યા કરવી સુગમ થઇ શકે છે, અર્થાત્ સમતા પૂર્વક તેટલો તપ કરી શકાય છે. વળી " देहे दुःखं महाफलं " એ વાકયાનુસાર આ ક્ષણભંગુર દેહનું દમન કરવામાંજ સાર છે. જ્યારે એક L. M. & S. એલ. એમ. એન્ડ એસ. ( ડાકટરી ) કે એમ. એ. M. A- પ્રમુખની ડીગ્રી મેળવવા માટે ઘણા વરસ પર્યંત તન મન ને ઘણા ધનનો ભોગ આપવો પડે છે, ત્યારે અશરીરી–નિરાહારી નિઃસંગી–જન્મ જરા મરણ રહિત એવું શાશ્વતું–કાયમનું ( Permanent ) સુખ પામવા માટે ઘણા તન મનનો ભોગ આપવાની જરૂર છે અને તેને માટે તપ એક પ્રબળ ને ઉત્તમ સાધન છે જેમ કોઇને એમ. એ ની લાઇનમાં પ્રવેશ કરવો સુલભ–સુગમ પડે છે તથા તેમાં થતા પરિશ્રમને પરિશ્રમરૂપે ન ગણતાં આયંદા (future) ઉત્તમ લાભની આશાથી આનંદ પૂર્વક તે પ્રયાસ કરે છે તેમ તપ કરનારને પણ આવી લાંબી તપસ્યા કે જેમાં ક્ષુધા (hunger) તૃષા, અશકિત પ્રમુખનું દુઃખ સહન કરવું પડે છે તે પણ ભવિષ્યમાં તેના ઉત્તમ ફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળવાના છે તેની આશાએ તે દુઃખને તે સુખરૂપે-સમતા પૂર્વક સેવે છે અને પરિણામે તે ઉત્તમ મોક્ષ સુખનો લાભ પ્રાપ્ત કરે છે.

અહિંના સામાન્ય પુદ્ગલિક-સુખ દ્રવ્ય પ્રાપ્તિ કે યશને અર્થે માણસ કેટલું મથે છે તો ઘણા કાલથી દેવ-મનુષ્ય-તિર્યંચ-તથા નારકીરૂપ ચતુર્ગતિના ઘોર ભયંકર દુઃખમાંથી મુક્ત થઇ પરમાનંદ સુખ મેળવવા માટે કેટલું મથવું જરૂરનું છે? એક માસ કે દોઢ માસ પ્રમુખનો તપ તે એક આ મહા દુઃખમાંથી મુક્ત થવા માટે ઉત્તમ સાધન છે. તે કરવાનો ઉત્તમમાં ઉત્તમ ફાયદો જૈનશાસ્ત્રકાર મોક્ષ-સુખની પ્રાપ્તિ થવારૂપ બતાવે છે. દરેક જીવે યથાશક્તિ વીર્ય ફોરવી તેનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે

એક યશને અર્થે અથવા કહો કે હું એક કેવો પહેલવાન છું તે બતાવવાને અર્થે સૅન્ડોએ કેટલો અભ્યાસ કર્યો હશે કે જે(૧૦-૧૫)હોર્સ પાવરની ચાલતી મોટરકારના વેગને એક હાથથી અટકાવી થંભી રાખે છે તથા લોઢાની મજબુત સાંકળ હાથના આંચકાવડે તોડી નાંખે છે તથા પોતાની છાતી ઉપર (૨૦૦) મણનો પત્થર મુકાવી પાછું ફેરવી તે નીચે પાડી દે છે-આટલો સખ્ત અભ્યાસ કરવાની શી આવશ્યકતા તે સૅન્ડોને છે? તેનો ખરો હેતુ તો તે પોતે જાણે; બાકી સાંસારિક અભિલાષા દ્રવ્યપ્રાપ્તિ-આજીવિકા-યશવાદ-પ્રમુખ કોઇપણ પ્રકારની અભિલાષા તેને હોવી જોઇએ. આવી ઘણીજ કષ્ટકારી કસરત કરવાથી તે જેમ દ્રવ્યની પ્રાપ્તિનો ઘણો લાભ મેળવેછે અને તેનામાટે તે તેમાં હજુ પણ પ્રયાસ વધારતો જાય છે તેમ સર્વ દુઃખમાંથી મુક્ત થવાની અભિલાષાવાળા પાંચ દશ વીશ દિવસ કે માસ દોઢ માસ પ્રમુખની તપસ્યા કરવાનો પ્રયાસ કરે તો તે તેના કરતાં ઘણુંજ પ્રશંસનીય છે. કેમકે આશાવાન તે જગતનો દાસ હોઇ ડેર ડેર ફરે છે અને નિઃસ્પૃહાવંત તો પોતાના છતા ભોગોને છોડી દઇ આવી ઉત્તમ ઘોર (કષ્ટકારી, દેહને દમન કરનારી, ઇંદ્રિયોનો જય કરનારી) તપશ્ચર્યાનું સેવન કરે છે. તે ક્યારે બને છે કે જેમ એક લક્ષાધિપતિ પોતાના દ્રવ્યપરથી જ્યારે અમુક અંશે નિઃસ્પૃહિ બને છે ત્યારેજ તે સદાવ્રત-દાનશાળા ખોલીને યા બીજી અનેક રીતે દાન દેવામાં સમર્થ થાય છે. તેમજ એક શરીરને પુષ્ટ કરનાર (અનાદિ કાળથી ખા. ખા. ખા. કરનાર) પ્રાણી જ્યારે તે દેહ ઉપરથી અમુક અંશે નિઃસ્પૃહી બને અને છતી વસ્તુ (ખાવા પીવાની) નો ત્યાગ કરવા સમર્થ થઇ બે પાંચ પંદર દિવસ કે માસી દોઢ માસી કે તેથી વધારે તપ કરવાને સત્વવંત બની શકે છે. ખરો પુરૂષાર્થ-કસોટી-ધૈર્યતા-ક્ષમાપણાના ગુણોની પરીક્ષા આવી મોટી તપશ્ચર્યામાં થઇશકે છે. દરેક માણસને પ્રયાસવડે અમુક મોટી લાઇનો પસાર કરવી યા સૅન્ડોની જેમ કસરત બાજ બનવું યા તેવી કોઇ આર્ટ (કળા) શીખવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે દુષ્કર છે છતાં તે પ્રયાસવડે સુલભ છે; પરંતુ આવી લાંબી માસ દોઢ માસ યાવત્ છ માસ પર્યંતની તપસ્યા અતિ દુષ્કર છે તથા તેને આદરપૂર્વક પરિપૂર્ણ કરવી અતિ મુશ્કેલ છે. તેથીજ તે બીજાં બધાં કાર્ય કરતાં અતિ પ્રશંસનીય છે એમ છાતી ઠોકીને કહી શકાય છે અને તે વિરલા પુરૂષોજ કરી શકે છે.

પૂર્વે ચોથા આરાની શરૂઆતમાં પ્રથમ તીર્થંકર થયા, તેમના શાસનમાં-વખતમાં એક વર્ષનો ઉત્કૃષ્ટ તપ કરવાની મર્યાદા હતી, કેમકે તેમણે પોતે એક વર્ષ પર્યંત ખોરાક કે પાણી વગર રહીને તેટલી તપશ્ચર્યા કરી હતી અને તે કાળના મનુષ્યોની ઉત્કૃષ્ટ શક્તિ તેટલી હોવાથી તે મર્યાદા હતી; ત્યારે ચોથા આરાને છેડે ચોવીશમા અંતિમ તીર્થંકર થયા. તેમણે છ માસ પર્યંતનો તપ કરેલો તેથી તેમના શાસનમાં છ માસ સુધીની મર્યાદા છે. કોઇ જીવ અતિ સત્વવાન્ હોય તો તેટલા માસ પર્યંત તે કરી શકે, અને તે મુજબ અકબર બાદશાહનાજ વખતમાં (સોળસોના સૈકામાં ફક્ત ત્રણસો વરસ પહેલાં) મહાસતિ ચંપાબાઇએ છ માસની તપશ્યા કરી હતી. તે તપશ્યા ગુરૂમહારાજ સન્મુખ અંગીકાર કરી તે વખતે તેના હર્ષ માટે તેમજ શાસનની ઉન્નતિને અર્થે તે દિવસે ઘણા ઠાઠમાઠથી તે ચંપાબાઇને ઉત્તમ પાલખીમાં બેસાડી વરઘોડો કાઢયો હતો. તે જોઈને અકબર બાદશાહે પોતાના માણસને બોલાવીને પૂછાવ્યું હતું કે 'યે મહોત્સવ કરનેકા કયા પ્રયોજન હે?' ત્યારે તપાસ કરીને તેણે જણાવ્યું કે-" ટોડરમલકી બ્હેનને આજ છ માસકા રોજા (ઉપવાસ) કરનેકા નિયમ કીયા હે, ઉનકા ઉત્સવ હે." બાદશાહને મનમાં વિચાર થયો કે બડી તાજુબીહે કે અપના (મુસલમાનકા) એક રોજા કે જીસમેં દિનમેં નહિ ખાના ઓર રાતકું ખાના ઇસમેં કયા તકલીફ હોતી હે, પરંતુ યે તો છ માસકા (જૈનકા ઉપવાસ) દિન ઔર રાત કુછબી ખાના નહિ યે કયા! ઇસમેં જરૂર પોલ હોની ચાઇયે, કયું કે યે તદન અસંભવિત બાત માલુમ પડતી હે. લેકીન અપને પરીક્ષા કર દેખે, ઇસમેં કયા હર્જ હે." આવા વિચારથી ચંપાબાઇના ભાઇ ટોડરમલને બોલાવીને તેણે કહ્યું કે "મેરી એસી ઇચ્છા હે કે યે ચંપાબાઇ તપસ્વી હમેશા મકાનમેં રહેવે ઓર હમ ઉનકી સેવા ચાકરીકા બંદોબસ્ત કરે." વજીર બહોત વિચક્ષણ થા, વિચાર કરકે કહા "જેસી હજુરકી ઇચ્છા." પછી ચંપાબાઇને માનપૂર્વક પોતાના મકાનમાં લાવી બાદશાહે એક ઓરડામાં રહેવાની ગોઠવણ કરી તથા પાસે દાસી વિગેરેને સેવા ચાકરી માટે રાખી. અંદરખાનેથી કોઈ પણ રીતે ખોરાક કોઇ ન લઇ જાય તેવો પાકો બંદોબસ્ત કરાવ્યો. ફક્ત ત્રણ ઉકાળાવાળું પાકું પાણી જ્યારે તે માગે ત્યારે આપવાનું કહ્યું. પછી એક, બે, પાંચ, પંદર દિવસ ને એક માસ, બે, ત્રણ, ચાર, પાંચ ને છ માસ એમ અનુક્રમે ચંપાબાઇએ સમતાપૂર્વક નિર્ગમન કર્યા. "કાળને જતાં શી વાર." અંતે તેના ભાઇએ અકબર બાદશાહ પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આની અરજ કરી કે " હુજુર ! મહા તપસ્વી ચંપાબ્હેનકે છ માસકા ઉપવાસ ખતમ હુવા હૈ, ઉનકા આજ મહોત્સવ કરના હૈ, સો રજા દીજીયે." તે વખતે અકબર બાદશાહે સાનંદાશ્ચર્યપૂર્વક કહ્યું કે ' કયા છ માસ હો ગયે ? ' પછી એકદમ ચંપાબાઇ મહાસતિકી પાસ જાકર સુખસાતા પૂછકર મહાસતિકા પેરમાં પડા, ઔર બહોત ક્ષમા ચ હી, અપના અપરાધકી માફી માંગી કે ' આપ મહા તપસ્વીકી પરીક્ષાકે લીયે મેંને બડી આશાતના કીયા, ઔર કુછ ખબર બી નહિ લે સકા. ' ઐસા કહકર અશ્રુપાત કીયા. ઔર બહોત પ્રશંસાપૂર્વક ધન્યવાદ દીયા. ઔર અપને ખુદ અચ્છા ઠાઠમાઠસેં મહોત્સવ પૂર્વક મહા સતિ ચંપાબાઇકો સ્વમકાને વિદાય કીયા. ઇસરીતેં ઉસ વખત જૈનશાસનની બહોત ઉન્નતિ હુઇ. અકબર બાદશાહ ન્યાયી વિચક્ષણ થા, ઉનકુ પક્કી ખાતરી હુઇ ઔર જૈનધર્મકી બડી પ્રશંસા કીઇ .ઔર કહા-કે " નિરાશી ભાવપૂર્વક કાંઇ પણ માન મોટાઇની ઇચ્છા વગર કેવળ આત્મહિતાર્થે લાંબી તપસ્યા કરનાર એક જૈન ધર્મમાંજ વર્તતે હેં. "

ઉપર મુજબ કહેલી લાંબી તપસ્યા કર્મકાષ્ટને બાળવામાં પ્રબળ અગ્નિ સમાન છે અને જેનું ઉત્કૃષ્ટ ફળ તે મોક્ષજ છે કે જે ફળ પરોક્ષ છે. આસ્તિક મનુષ્યનેજ તેના ફળની શ્રદ્ધા હોય છે અને તે શ્રદ્ધા હોઇનેજ તેઓ ભાવપૂર્વક જો કે પ્રત્યક્ષ લાભ સાંસારિક કાર્યની જેમ જોવામાં નથી આવતો છતાં નિઃસ્પૃહપણે તેને અંગીકાર કરે છે. હવે તપથી બીજા અંતર્ગત ફાયદા પણ અનેક છે તે કહે છે.

૨ અનુત્તર વિમાન પ્રમુખના દેવલોકની સાહીબી તપદ્વારા પ્રાપ્ત થઇ શકે છે. મહામુનિ શાલિભદ્ર-ધના કાકંદી વિગેરેની જેમ.

૩ ઉત્તમ મનુષ્યપણું. શરીરનું ઉમદા બંધારણ, કાંતિ, શકિત તે પણ તપના પ્રભાવ છે. દ્રવ્યસંપત્તિ-સૌભાગ્યપણું ઉત્તમ પ્રકારના ભોગાદિક તે પણ તપથી સહજ પ્રાપ્ત થઇ શકે છે.

૪ દેવ પણ તપના પ્રભાવથી સાન્નિધ્ય થાય છે. કોઇ મહર્દ્ધિક દેવનું સાધન કરવામાં તેવી લાંબી તપસ્યાની જરૂર પણ પડે છે.

૫ મિથ્યાત્વી દેવ યા દાનવ રાક્ષસ પ્રમુખ તપના અચિંત્ય પ્રભાવથી સ્તબ્ધ થઇ પરાભવ નથી કરી શકતા. નાગકેતુએ જિનમંદિરપર ઉભા રહી તપના પ્રભાવથી મિથ્યાત્વી દેવે વિકુર્વેલ પત્થરની શિલાને આકાશમાં સ્થંભી રાખી. જેથી દેવે પણ શાંત થઇને ક્ષમા માગી.

૬ કોઢ પ્રમુખ ભયંકર રોગો પણ તપથી નાશ પામે છે. શ્રીપાળ નરેશ્વરવત્.

૭ તપના પ્રભાવથી શીત- તેજો-ક્ષીરાશ્રવ પ્રમુખ અનેક પ્રકારની લબ્ધિ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આકાશગામિની પ્રમુખ વિદ્યા વિગેરે પ્રાપ્ત થઈ શકે છે અને તે દ્વારા તુર્વિધ સંઘ-પર આવી પડેલ આફતનો નાશ કરાય છે. વિષ્ણુકુમાર રાજર્ષિના જેમ. તથા અનેક પ્રાણી ઉપર ઉપકાર કરી શકાય છે. વીરપ્રભુએ ગોશાલાપર બીજાએ તેજોલેશ્યા મુકતાં શીત લેશ્યાથી તેનું રક્ષણ કર્યું. ગૌતમ સ્વામિએ લબ્ધિવડે પંદરસો તાપસને એક પાત્રથી પારણું કરાવ્યું.

૮ તપના પ્રભાવથી સિંહ, વાઘ, સર્પ, હસ્તિ પ્રમુખ ક્રૂર પ્રાણીઓ શાંત થઇ વશ થાય છે. તપસ્વીની પાસે નિર્ભયપણે મૃગ પ્રમુખ પ્રાણીઓ આવીને બેસે છે. સિંહશ્રેષ્ઠીએ તથા રાજકુમારે પાદપોપગમ અણસણ કર્યું હતું. તે વખત ક્રૂર પ્રાણીઓ પણ વશ થઇ તેની પાસે રહેલા છે. અને બળભદ્ર મુનિનો રાગી મૃગ થયો હતો. તે જ્યારે કોઇ સાર્થવાહ પ્રમુખ વનમાં આવતાં ત્યારે ગોચરીની ( આહાર પાણીની ) જોગવાઇ જાણી વિનંતિ કરનારના રૂપમાં આવી મુનીશ્વરને તે સ્થળે લઇ જતો.

૯ ડાકટરો, વૈદ્યો વિગેરે સામાન્ય રીતે પંદર દહાડે એક ઉપવાસ કરવાની ખાસ આવશ્યકતા બતાવે છે અને તેના લાભ બતાવે છે.

૧૦ દાનેશ્વરી દ્રવ્યવાન ગરીબ, અપંગ વિગેરેને દાનાદિક આપી ઉત્તમ ધાર્મિક લાભ મેળવી શકે છે ત્યારે સામાન્ય સ્થિતિના માણસો કે જેઓ તેવા દ્રવ્યવાન નથી તેઓ તપદ્વારા આત્મહિત કરી શકે છે. એટલુંજ નહિ પણ તીર્થંકર સમાન મહાપ્રતાપી પુણ્યવંત પુરૂષો પણ તપનું સેવન કરે છે. જેમકે વીરપ્રભુએ બારવર્ષ મધ્યે ફક્ત ૩૪૯ દિવસજ આહાર કર્યો અર્થાત્ એક વર્ષમાં પણ ન્યૂન દિવસોમાં આહાર લીધો. સિવાય ચોવિહાર (ચારે પ્રકારના આહારનો ત્યાગ) તપ કર્યો. તેમજ સનત્કુમાર ચક્રવર્તિએ પણ ઉગ્ર તપના સેવનથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થયેલ છતાં મહા નિઃસ્પૃહી બની પોતાના શરીરના રોગોનું નિવારણ ન કરતાં સ્વાભાવિક ઉદ-યમાં આવતાં કર્મોને સમતા ભાવે ખપાવ્યાં. આ ઉપરથી સામાન્ય ગરીબ સ્થિતિના માણસો તપ કરે છે એ આક્ષેપ મિથ્યા છે. ચક્રવર્તિ તીર્થંકર સમાન સુકોમળ પુરૂષો પણ કર્મકાષ્ટને ભસ્મ કરવા માટે મહાતપને સેવે છે.

૧૧ "Time is money" વખત તે એક કિંમતી ચીજ છે, તેજ દ્રવ્ય છે, તો તપ કરનારને બે વખત યા તેથી પણ વધારે વખત ખોરાક લેવાના ટાઇમનો બચાવ થઇ શકે છે અને તેટલા વખતને સ્વઆત્મહિતમાં જોડી શકે છે; તેથી રોજનો લગ-ભગ દોઢથી બે કલાક કે તેથી પણ વિશેષ વખતનો બચાવ થઇ શકે છે. આ પ્રત્યક્ષ અમૂલ્ય લાભ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ તપ કરનાર પ્રાણી પોતાની ઇંદ્રિયોને વશ રાખી શકે છે. તેઓ બનતા સુધી સદાચારી બ્રહ્મચારી ( છેવટ તપનાજ દિવસોમાં ) નિરાશી ભાવવાન્ હોય છે. જેમ જે તે વસ્તુનું ખાનપાન કરનાર, અનેક પ્રકારના મોજશોખમાં નિમગ્ન, વિષયી, ઃ પટી, દારૂ પ્રમુખના વ્યસની દુર્ગતિના ભાજન થાય છે અને દ્રવ્યનો ઘણો ગેરવ્યય કરે છે, તેમ તપસ્વી કરતા નથી. તે તો તેવા દરેક દૂષણોથી મુકત હોય છે આ એક પ્રત્યક્ષ મોટો ફાયદો છે.

૧૩ "સહેજે બાવા બ્રહ્મચારી" અથવા જંગલમાં રહેલ શિતળદાસની જેમ કારણ વગર સૌ કોઇ ક્ષમાવાન રહી શકે છે, પરંતુ તપને વિષે તો આહાર પ્રમુખ ન મળવાથી કષાય (ક્રોધાદિક) નો જય કરવાની ખાસ જરૂર છે. તપનું અજીરણ તે ક્રોધ છે. તેથી ક્ષમાપણાની ખરી કસોટી તપશ્ચર્યાને વિષેજ થઇ શકે છે. અને તે તપના પ્રભાવથી ક્રમે ક્રમે ક્ષમાગુણ તથા ઇન્દ્રિય દમનાદિ ગુણો પ્રાપ્ત થઇ શકે છે- આ પ્રત્યક્ષ મોટો ફાયદો છે.

૧૪ કામવિકાર તે મહા અનર્થકારી છે. તેમાં લુબ્ધ થયેલ પ્રાણી એક પ્રકારનો અંધજ છે. પૂર્વે કાળીદાસ જેવા મહાકવિએ કામને વશ થઇ પોતાની પુત્રી સાથે કામભોગની ઇચ્છા કરી, તે વખત તે પુત્રી વિચક્ષણ હતી તેથી અગાઉથી સંકેત કર્યા મુજબ જ્યારે કાળીદાસે ચોપાટ રમતાં રમતાં કામવિકારની પ્રબળતા થવાથી દિપક ઓલવ્યો કે તુરત પુત્રી ચાલી ગઇ ને તેને સ્થાને તેની દાસી આવી; પણ કાલીદાસે તો ભ્રાંતિથી પુત્રીનોજ ધારણાવડે દાસી સાથે કામવાસના લુપ્ત કરી. પાછળથી ઘણો પશ્ચાતાપ થતાં પુત્રીએ તેનું સમાધાન કર્યું. તો આવા દુષ્ટ કામનું મર્દન કરવામાં લાંબી તપસ્યા બહુ ફાયદાકારક છે. કેમકે ખાનપાન મોજ શોખ કરનારના નેત્ર તો વાંદરાની જેમ એકથી બીજી સ્ત્રી ઉપર ખેંચાયાજ કરે છે. ઘણી વખત તેઓ અંધ બની વ્યભિચારરૂપ પાપમાં પડી જાય છે ને પરિણામે ચાંદી, પ્રમેહ, ક્ષય, પ્રમુખ, ભયંકર રોગના ભોગ થઇ પડે છે. તપસ્વીને તે કાંઇ હોતું નથી. બનતાં સુધી ચોક્સ રીતે તેઓ પોતાની ઇંદ્રિયોને કાબુમાં રાખે છે, ને પરસ્ત્રીને મા બેન સમાન ગણે છે, તેથી તેઓ તેવા દુરાચરણમાં પડતાજ નથી. ને તેવા ભયંકર રોગના ભોગ પણ થતા નથી. આ શરીરસંપત્તિનો લાભ ને દ્રવ્યની હાનિનો અભાવ તે બે મોટા પ્રત્યક્ષ ફાયદા છે.

૧૫ સર્વ જીવો નાનાથી મોટા કીડીથી તે હાથી સુધી જીવવું ઇચ્છે છે. વિષ્ટામાં પડેલ કીડાને પણ મરવું ગમતું નથી તે આપણે સૌ કોઇ પ્રત્યક્ષ અનુભવીએ છીએ. છતાં એક આપણા જીવને અર્થે ખાવા સારૂ રસોઇ કરવામાં અનેક એકેંદ્રિ વિકલેંદ્રિ ( બેઇંદ્રિ તેઇંદ્રિ ચતુરિંદ્રિવાળા ) ત્રસ જીવો તથા સંમુર્છિમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચેંદ્રિનો નાશ તે આરંભદ્વારા થાય છે. (તેમાં પણ જયણાપૂર્વક વર્તનારને ઘણો થોડો દોષ લાગે છે. તે જયણા સંબંધી સ્વરૂપ-"અભક્ષ્ય અનંતકાય વિચાર" માંથી ખાસ સમજવું તથા તે પ્રમાણે વર્તવું.) એક તો પાણીમાં અસંખ્યાતા જીવો રહેલા છે. પાણીમાં જીવો છે એમ યંત્રદ્વારા ઇંગ્રેજોએ પણ કબુલ કર્યું છે. (પણ એકેંદ્રિ જીવો તે તો ચર્મચક્ષુથી અદૃશ્ય છે; પોરા વગેરે દૃષ્ટિગ્રાહ્ય છે.) તે પાણીના અસંખ્યાતા જીવોનો નાશ થાય છે. પૃથ્વી, અગ્નિ, વનસ્પતિ, વાયુના જીવો ને છાણાં લાકડા પ્રમુખમાં અનેક ત્રસ જીવો ઉપયોગ શૂન્યતાથી નાશ પામે છે. વનસ્પતિમાં શાક ભાજી વિગેરે સમારતાં ઉતાવળથી ઇયલ પ્રમુખનું છેદન ભેદન થઇ જાય છે. તે સિવાય અનાજ દળવા વિગેરેમાં ઘણી વિરાધના થાય છે. એમ પ્રથમથી તે અંત સુધી રસોઇની ક્રિયામાં થતા અનેક આરંભોમાં અનેક એકેંદ્રિ બેઇંદ્રિ આદિ જીવોનો જે ઘાત થાય છે તેની ઉત્કૃષ્ટી દયા—અનુકંપા (mercy) આ મહા તપસ્વીને પ્રાપ્ત થઇ શકે છે. તે રોજ કેટલા બધા જીવોને અભયદાનનો દાતા થાય છે. આ પ્રત્યક્ષ લાભ છે. દરેક દર્શનવાળા "અહિંસા પરમો ધર્મ:" એ વાકયને માન આપે છે; છતાં વાસ્તવિક રીતે જૈનધર્મીઓજ તેનું યથાર્થ સ્વરૂપ સમજી તે વાકયને અમલમાં મૂકી શકે છે. એક માણસ અનેક સોનામહોરનું દાન દે ને એક માણસ ફકત એકજ જીવને અભયદાન આપે તો તેમાં અભયદાનનો દેવાવાળો બીજા કરતાં અધિક છે. ત્યારે વિચારો કે એકજ દિવસનો ઉપવાસ કરનાર કેટલા જીવોનો અભયદાતા થાય છે અને તેને કેટલું ફળ પ્રાપ્ત થઇ શકે છે તેનો તોલ કરો.

૧૬ આ શાક મોળું અથવા તદન ખારૂં સ્વાદરહિત છે, યા અમુક શાકની શી મજા છે? બહુ સ્વાદીષ્ટ છે. ઇત્યાદિ સારૂં નરસું કહેવાથી ઘણા કર્મોનો બંધ થાય છે. એટલુંજ નહિ, પણ કેટલીક વખત ઘરમાં મોટો કલેશ થાય છે. તે તપસ્વીઓને થતો નથી. "કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવ પાર" કલેશ તે એક બુરામાં બુરી ચીજ છે ને તેથી કહેવત છે કે "ગોળાના પાણી પણ કલેશથી સુકાઇ જાય."

૧૭ કેટલાક સારૂં ભોજન મળવાથી જાણે પૂર્વે કેમ જોયું ન હોય યા તો આરોગ્યું ન હોય તેમ રસેંન્દ્રિયને વશ થઇ આકંઠ-ભરપૂર વાપરે છે. તેથી તેમનાં ઘણા જીવો અજીરણ, કોલેરા અને પેટના અનેક વ્યાધિઓને વશ થઇ પડે છે અને ડાકટરોને ત્યાં અચાનક દોડાદોડ મચી રહેછે. અને તેવા સમયમાં સ્પીરીટ (દારૂ) પ્રમુખવાળી અશુદ્ધ દવાઓના ડોઝ (કેટલીકવાર નિયમ હોવા છતાં દાક્ષિણ્યતા પ્રમુખ નબળાઇના કારણોને વશ પડી) લેવા પડે છે, સ્વધર્મથી ચુકાય છે, નિયમ ભંગ થાય છે, પૈસાનું પાણી થાય છે ને કદાચ પ્રાણથી મુકત પણ થયા છે. આ સર્વ તપસ્વીને નથી. તેને કેટલું સુખ છે? આ પ્રત્યક્ષ લાભ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮ ઉપાધિ તે એક જગતમાં મોટું દુઃખ છે. હજુ બિચારો સવારમાં ઉઠી જંગલ જઇ દાતણ પાણી કરી નિત્ય નિયમમાં (જિનપૂજા–સામાયિક કે વ્યાખ્યાન) ઉદ્યમવંત થતો હોય યા વિચાર કરતો હોય ત્યાં પોકાર પડે કે "આજ ઘી સાકર થઇ રહ્યાં છે. મીઠું તો બીલકુલ રસોઇ કરવામાંજ નથી. રોજ રોજ માગતાં શરમ થાય છે. આજ ફલાણું ફલાણું શાક લાવો, અથાણાનો વખત ભરાઇ ગયો છે, ખાશો ત્યારે બે હાથે, દાણો ભરવાનું પણ સુઝતું નથી, છોકરાઓ સારૂ મેવો જરૂર લાવજો, લાકડાં છાણાના ભર લાવવા છે, સોનીને ત્યાં જતા નથી, દરજી બેસાડવો છે, ધોબીને ત્યાં કપડા નાંખવા છે ને લાવવાં છે" વિગેરે વિગેરે ઉપાધિના કંટકમય વચનોનો વરસાદ વરસે અર્થાત્ તેવો અનેક ઉપાધિથી વીંટાઈ રહે તે સુખે કયાંથી ધર્મ કરી શકે ? અને જ્યાંસુધી ઉપાધિથી આ જીવ મુક્ત થતો નથી ત્યાં સુધી પોતાનું જીવન યથાર્થ રીતે આત્મહિતમાં જોડી શકતો નથી. તે કમનશીબ પ્રાણી જીંદગીપર્યંત કુટુંબાદિની ચિંતામાં તથા માયાજાળમાં ફસાઇ મનુષ્યજન્મ વ્યર્થ કરે છે. તપસ્વી ઉપરની અનેક ઉપાધિથી તપશ્ચર્યાના દિવસોમાં તો અવશ્ય કરીને પ્રાયઃ મુક્ત થવા પામે છે અને તે દિવસોમાં જ્ઞાન ધ્યાનાદિકવડે પોતાના આત્માને પવિત્ર કરે છે.

ઉપર મુજબ અંતર્ગત ફાયદાઓ બીજા પણ અનેક છે. મતિમંદતાદિક દોષોથી જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તે માટે ત્રિવિધ ત્રિવિધ મિથ્યા દુષ્કૃત દેવા પૂર્વક આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. વિશેષ ગુરૂગમથી તપનું સ્વરૂપ વિગેરે સમજી-વિચારી યથાશક્તિ તેમાં વીર્ય ફોરવવા પ્રયત્ન કરવો એ આ લેખકની પ્રાંતે વિજ્ઞપ્તિ છે.

---

## બારડોલીમાં દીક્ષામહોત્સવ.

પં. કમળવિજયજી-મહારાજના શિષ્ય **મુનિરાજશ્રી મોહન વિજયજીએ** નવસારીના શ્રાવક હરખચંદ જેની ઉમર વર્ષ ૨૨ ની છે અને જેના વડિલો તરફથી રાજીખુશીથી રજા મળેલ છે તેને માહવદિ ૬ ઠે બારડોલીમાં દીક્ષા આપી છે. મહોત્સવ બહુ સુંદર થયો છે. બહાર ગામથી સુમારે ૫૦૦ લગભગ માણસ એ શુભ પ્રસંગ ઉપર આવ્યું હતું, દીક્ષા લેનારનો વૈરાગ્ય સારો છે. નામ **મુનિ.રત્નવિજયજી** રાખવામાં આવ્યું છે. મહોત્સવાદિ કારણથી શાસનોન્નતિ સારી થઇ છે.

## પહોંચ.

ધી જૈન એસોસીએશન ઓફ ઇંડીઆનો સંવત ૧૯૬૯નો રીપોર્ટ મળ્યો છે આ સંસ્થા સુમારે બે વર્ષથી નવી જાગૃતિમાં આવી છે. નિર્વાહકો ઉદ્યમી મળ્યા છે. આગળ ઉપર વધારે સારો દેખાવ આપશે એવો સંભવ છે. અવકાશે એ સંબંધમાં વધારે વિચારો જણાવશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विधवाओना हितमाटे एक स्त्री लेख:

## સ્વધર્મી બન્ધુઓ પ્રત્યે વિનંતિ.

અનાથ થનાર વિધવાઓ તેમનો વિધવાધર્મ ઉત્તમ રીતે પાળી શકે, તેવા ધાર્મિક હૃદયવાળી બનાવવા, અને તેઓનું ભાવી જીવન સુધારવા, તથા તેઓ જનસમાજને ઉપયોગી થઇ પડે તેવી જ્ઞાની બનાવવા આપણી જૈન કોમમાં ખાસ ગોઠવણ કરવાની જરૂર છે.

જે સ્ત્રીઓ દુર્ભાગ્યવશ થઇ વિધવાપણું પામી હોય તેઓ પોતાના મનને નિર્વિકારી બનાવી શકે તથા તેમના હૃદયમાં ધર્મના દ્રઢ સંસ્કારનું સ્થાન થાય, તેમજ જેમને પોષણની જરૂર હોય તેમને આશ્રય મળે એટલા માટે આશ્રમ સ્થાપવા જોઇએ.

વળી આપણી કોમમાં ઘણાં ખાતાઓ ચાલે છે પણ અનાથ વિધવાઓ માટે કોમમાં એવું કોઇ સ્થળ નથી કે જેમાં નિર્ભય રહી શાન્તિથી જ્ઞાન ધ્યાન કરી શકે. જેમ છોકરાઓ માટે બોર્ડીંગો, કોલેજો અને પાઠશાળાઓ ઘણે ઠેકાણે છે જેમાં બહાર ગામના છોકરાઓ આવી ભાગ લઇ શકે છે ને તેમનું ભાવી જીવન સુધારે છે તેવીજ રીતે કમનશીબ બનનાર વિધવાઓ માટે પણ ગોઠવણ થવી ખાસ જરૂરની છે. જો કોઇ સ્થળે આશ્રમ સ્થાપવામાં આવે અને તેમાં બહારગામની વિધવાઓ કે જેમનો સંસાર સ્વાર્થે બગડયો છે ને સંસારી કાર્યોને માટે નિરૂપયોગી થઇ છે તેઓને આશ્રય આપી કર્તવ્યપરાયણ બનાવવામાં આવે તો જૈન કોમમાં જે સ્ત્રીશિક્ષકોની જરૂર છે ને હાલ દરેક ઠેકાણે તેની માગણી થાય છે તે ખામી દૂર થાય. દરેક પાઠશાળાઓવાળા જૈન સ્ત્રીશિક્ષકોની માગણી કરે છે ખરા; પણ ભાઇઓ ! જ્યાં સુધી તેવા પ્રકારનું જ્ઞાન આપી શિક્ષકો તૈયાર નહીં કરવામાં આવે ત્યાં સુધી તે ખામી દૂર થવાની નથી. બાળલગ્ન અને વૃદ્ધવિવાહના ક્રૂર પ્રચારે કરી આજકાલ જ્યાં ત્યાં વિધવાઓની સંખ્યા વધુ જોવામાં આવે છે. તે બ્હેનોની દુઃખદ સ્થિતિ સામે વિચાર દૃષ્ટિને ફેરવો તો તમોને ખરૂં સમજાશે. બાર અથવા પંદર વર્ષની છોકરી વિધવા થઇ એવું જાણી કોનું હૃદય આર્દ્ર નાહ થાય વારૂ ? આ લાગણી દરેકને થોડી અથવા વધારે અનુભવસિદ્ધ છે. હવે તે તમારા અન્તઃકરણની દયાની લાગણીને પ્રકાશમાં લાવી તેવી અનાથ અબળાઓને ઉદ્યમે લગાડો.

હિંદુ સ્ત્રીઓમાં તેમાં પણ આપણી જૈન સ્ત્રીસમાજમાં તો સંસાર વ્યવહારમાં તેમજ ધર્મના કાર્યોમાં પોતાની ફરજ શું છે ? તે તથા દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ શું છે ? તે સમજનાર મ્હારી બ્હેનો ગણતરીમાં ઘણી ઓછી સંખ્યાએ નીકળશે—વળી સ્ત્રીકેળવણીને માટે વિદ્વાનવર્ગ ઘણો પોકાર કરી રહેલોછે પણ જ્યાં સુધી યોગ્ય શિક્ષકોની ખામી હશે ત્યાં સુધી તમો સ્ત્રીકેળવણીના ખાતાઓમાં ફાવી શકવાના નથી. આશ્રમમાં શિક્ષકો તૈયાર કરી તેમને બીજી પાઠશાળાઓમાં દાખલ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે તો હું ખાત્રીપૂર્વક કહું છું કે પુરૂષમાસ્તર વિદ્વાન છતાં સ્ત્રીઓ વચ્ચે જે કામ તે નહિ કરી શકે તે કામ સામાન્ય જ્ઞાન મેળવનાર લાયક સ્ત્રીશિક્ષકથી બની શકશે. કારણ એજ કે પુરૂષ સ્ત્રીથી વિજાતિ ગણાય છે.

આપણી કોમમાં હાલમાં ઘણી પાઠશાળાઓ ચાલે છે તેમજ મુનિ મહારાજોના ઉપદેશથી નવી પણ સ્થપાય છે પણ કોઇ સ્થળે વિધવાઓ માટે સંસ્થા સ્થપાઇ નથી. દરેક કોમમાં હવે વિધવાઓની દુઃખદ સ્થિતિ તરફ દૃષ્ટિઓ ફેંકાવા માંડી છે, ને તેવા પ્રકારના ખાતાઓ ખોલવા હીલચાલ થઇ રહી છે તેમજ સુરતમાં " **વનિતા વિશ્રામ** " નામનું સાર્વજનીક ખાતું ચાલે છે ને તેમાં દરેક કોમની વિધવાઓને આશ્રય મળે છે. આ ખાતામાં વ્યવહારિક, નૈતિક અને ઉદ્યોગી કામ બધાંએ સાથે રહીને કરવાની ગોઠવણ છે ને ધાર્મિક વિષયમાં વિરોધ નથી. પોતપોતાનો સ્વધર્મ હોય તેજ પાળે અને તેજ ક્રિયા કરે, આવા પ્રકારની ગોઠવણ છે.

आलस्यं हि मनुष्याणां, शरिरस्थो महारिपुः ।
नास्त्युद्यमसमो बन्धुः कृत्वा यन्नावसीदति॥

મ્હારી વિધવા બ્હેનો તદ્દન ઉદ્યમ વિના પોતાનો વખત આળસમાં વ્યતિત કરે છે. જો બંધુઓ તમો આ બાઇઓ પાસેથી કામ લેવા ધારો તો પુરૂષો કરતાં સ્ત્રીઓ ધાર્મિક ખાતાઓમાં આગળ પડતો ભાગ લઇ શકશે. કારણ એજ કે વિધવા સ્ત્રી સંસાર ઉપાધિથી રહિત છે ને પુરૂષોને ઘણા પ્રકારના કાર્યો કરવાના હોય છે. બાઇઓને તેમ હોતું નથી માટે વિધવા સ્ત્રીઓને કેળવણી આપી લાયક બનાવવામાં આવે તો જૈનસમાજને અનેક પ્રકારે તેઓ ઉપયોગી થઇ શકે.

વળી વિધવા સ્ત્રીઓની અવસ્થા ત્યાગીની અવસ્થા જેવી ગણાય છે. તેવી સ્ત્રીઓને હવે વસ્ત્રાલંકારથી શોભાવાનું નથી પણ વૈરાગ્ય પૂર્વક જ્ઞાનના શણગારથી શોભાવાનું છે. યથાર્થ નિતિ અને ધર્મ પાળવો તે મનુષ્ય માત્રની ફરજ છે, તથાપિ વિધવા સ્ત્રીઓએ એને વધારે પાળવાનો છે ને તેમાંજ જીવન ગાળવાનું છે. જ્ઞાન લીધા વિના કોઇ પણ દિવસ વાસ્તવિક સુખ મળવાનું નથી અને તેવું જ્ઞાન જેમને લખતાં કે વાંચતાં બીલકુલ આવડતું નથી અને ગોખણપટીથી થોડું મુખપાઠ કરેલ હોય છે. તેનામાં ખરા જ્ઞાનનો સમાવેશ થતો નથી. માટે મારા સ્વધર્મી બંધુઓ પ્રત્યે નમ્ર વિનંતિ છે કે ઉપર લખ્યા મુજબની વ્યવસ્થા લક્ષમાં લઇ વિધવાઓ પ્રત્યે દયાની લાગણી દર્શાવી આ કાર્યને ઉપાડી લેવા આદર કરશો.

લીઃ બાઇ વહાલી વીરચંદ (ઇડરવાળાં)
મુ. સુરત ગોપીપૂરા. રાવસાહેબ શેઠ
હીરાચંદ મોતીચંદની પાઠશાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૨૯ | પૃથ્વીચંદ્ર ચરિત્ર નાનું. સંસ્કૃત (હી. હં.) | ૧-૧૦- |
| ૩૦ | પ્રમેયરત્નકોષ ગ્રંથ. મૂળ. સંસ્કૃત. | ૦-૪- |
| ૩૧ | પંચાશક ગ્રંથ ટીકાયુકત. " | ૨-૬- |
| ૩૨ | પરિશિષ્ટપર્વ. (અમારૂં છપાવેલું) | ૧-૦- |
| ૩૩ | પુરૂષાર્થસિદ્ધિ ઉપાય. હિંદી અર્થયુકત | ૨-૦- |
| ૩૪ | પ્રકરણસંગ્રહ સંસ્કૃત (આત્માનંદ સભાનું) | ૦-૪- |
| ૩૫ | પાંડવચરિત્ર ભાષાંતર. મોટું. | ૫-૦- |
| ૩૬ | પાંડવચરિત્ર પદ્યબંધ. સંસ્કૃત (મલ્લધારીનું) | ૪-૪- |
| ૩૭ | પાંત્રીશ બોલના થોકડા. (અમદાવાદના) | ૦-૧- |
| ૩૮ | પ્રદ્યુમ્નચરિત્ર ભાષાંતર. (શ્વેતાંબરાચાર્યનું) | ૦-૧૦- |
| ૩૯ | પ્રવચનસાર. હિંદી ભાષાંતર યુકત. | ૩-૦- |
| ૪૦ | યોગદૃષ્ટિ સમુચ્ચય. સંસ્કૃત (દે. લા.) | ૦-૪- |
| ૪૧ | યોગ ફીલોસોફી. ઇંગ્રેજી " | ૦-૬- |
| ૪૨ | કર્મ ફીલોસોફી " " | ૦-૬- |
| ૪૩ | ધર્મ પરીક્ષા કથા સંસ્કૃત " | ૦-૬- |
| ૪૪ | યશોવિજયજીનું જીવન. " | ૦-૨- |
| ૪૫ | યુગાદિ દેશના. સંસ્કૃત (બે જાતની) દરેકના | ૧-૮- |
| ૪૬ | રામ રાસ (કવિ કેશરાજજી કૃત) | ૧-૮- |
| ૪૭ | વૃંદારવૃત્તિ સંસ્કૃત (દે. લા.) | ૦-૧૨- |
| ૪૮ | વેપારની કળા. ગુજરાતી | ૦-૮- |
| ૪૯ | શાંતિનાથ ચરિત્ર. " નાનું | ૦-૪- |
| ૫૦ | શ્રીચંદ્ર કેવળીનો રાસ. શાસ્ત્રી | ૨-૦- |
| ૫૧ | શાંત સુધારસ ગ્રંથ. ટીકા સહીત. | ૦-૧૨- |
| ૫૨ | સમકિત કોમુદી ભાષાંતર. | ૦-૮- |
| ૫૩ | સંવાદ સુંદર. સંસ્કૃત (હી. હં.) | ૦-૮- |
| ૫૪ | સમકિત પરીક્ષા. " " | ૦-૬- |
| ૫૫ | સંસ્કૃતસ્વયંશિક્ષક. | ૧-૦- |
| ૫૬ | હઠીભાઈની અંજનશલાકાના ઢાળીયા. | ૦-૨- |
| | હરિબળ માછી. નોવેલ. ગુજરાતી. | ૦-૪- |
| | જ્ઞાનસાર અષ્ટક સટીક. | ૦-૧૨ |
| | શબ્દ રત્નાકર કોષ. | ૦-૧૨ |
| | સવિભ્રમ. | ૦-૬- |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | |
|---|---|---|
| ૩૦ | પ્રસંયરત્નકોષ ગ્રંથ. મૂળ. સંસ્કૃત. | ૦-૪-૦ |
| ૩૧ | પંચાશક ગ્રંથ ટીકાયુક્ત. ” | ૬-૮-૦ |
| ૩૨ | પરિશિષ્ટપર્વ. ( અમારૂં છપાવેલું ) | ૧-૦-૦ |
| ૩૩ | પુરૂષાર્થસિદ્ધિ ઉપાય. હિંદી અર્થયુક્ત | ૨-૦-૦ |
| ૩૪ | પ્રકરણસંગ્રહ સંસ્કૃત ( આત્માનંદ સભાનું ) | ૦-૪-૦ |
| ૩૫ | પાંડવચરિત્ર ભાષાંતર. મોટું. | ૫-૦-૦ |
| ૩૬ | પાંડવચરિત્ર પદ્યબંધ. સંસ્કૃત ( મલ્લધારીનું ) | ૪-૪-૦ |
| ૩૭ | પાંત્રીશ બોલના થોકડા. ( અમદાવાદના ) | ૦-૧-૦ |
| ૩૮ | પ્રદ્યુમ્નચરિત્ર ભાષાંતર. ( શ્વેતાંબરાચાર્યનું ) | ૦-૧૦-૦ |
| ૩૯ | પ્રવચનસાર. હિંદી ભાષાંતર યુક્ત. | ૩-૦-૦ |
| ૪૦ | યોગદૃષ્ટિ સમુચ્ચય. સંસ્કૃત ( દે. લા. ) | ૦-૪-૦ |
| ૪૧ | યોગ ફીલોસોફી. ઇંગ્રેજી ” | ૦-૬-૦ |
| ૪૨ | કર્મ ફીલોસોફી ” ” | ૦-૬-૦ |
| ૪૩ | ધર્મ પરીક્ષા કથા સંસ્કૃત ” | ૦-૬-૦ |
| ૪૪ | યશોવિજયજીનું જીવન. ” | ૦-૨-૦ |
| ૪૫ | યુગાદિ દેશના. સંસ્કૃત ( બે જાતની ) દરેકના | ૧-૮-૦ |
| ૪૬ | રામ રાસ ( કવિ કેશરાજજી કૃત ) | ૧-૮-૦ |
| ૪૭ | વૃંદારવૃત્તિ સંસ્કૃત ( દે. લા. ) | ૦-૧૦-૦ |
| ૪૮ | વેપારની કળા. ગુજરાતી | ૦-૮-૦ |
| ૪૯ | શાંતિનાથ ચરિત્ર. ” નાનું | ૦-૮-૦ |
| ૫૦ | શ્રીચંદ કેવળીનો રાસ. શાસ્ત્રી | ૨-૦-૦ |
| ૫૧ | શાંત સુધારસ ગ્રંથ. ટીકા સહીત. | ૦-૧૨-૦ |
| ૫૨ | સમકિત કૌમુદી ભાષાંતર. | ૦-૮-૦ |
| ૫૩ | સંવાદ સુંદર. સંસ્કૃત ( હી. હં. ) | ૦-૮-૦ |
| ૫૪ | સમકિત પરીક્ષા. ” ” | ૦-૬-૦ |
| ૫૫ | સંસ્કૃતસ્વયંશિક્ષક. | ૧-૦-૦ |
| ૫૬ | હીરાભાઈની અંજનશલાકાના ઢાળીયા. | ૦-૨-૦ |
| | હરિબળ માછી. નોવેલ. ગુજરાતી. | ૦-૪-૦ |
| | જ્ઞાનસાર અષ્ટક સટીક. | ૦-૧૨-૦ |
| | શબ્દ રત્નાકર કોષ. | ૦-૧૨-૦ |
| | સંવિક્રમ. | ૦-૪-૦ |

For Private And Personal Use Only